RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 142* Date: 20.03.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### નવા કેસોનો રાફડો ફાટતાં સક્રિય કેસોમાં સતત નવમાં દિવસે ઉછાળો, વધુ ૧૫૪ દર્દીનાં મોત

# કોરોનાએ ગતિ પકડી: ૨૪ કલાકમાં નવા ૪૦ હજાર કેસ



ન્યુ દિલ્હી,તા.૧૯

૧૦ મહિના પછી ભારતમાં ૫ દિવસમાં આટલા ઝડપથી કેસ વધતા નોંધાયા છે. આ દરમિયાન ૭ દિવસના સમયગાળામાં ૩૯%નો કોરોના કેસમાં વધારો નોંધાયો છે.

ભારતમાં કોરોનાના નવા કેસનો આંકડો ૪૦,૦૦૦ની એકદમ નજીક પહોંચી ગયો છે, ગુરુવારે એટલે પાછલા ૨૪ કલાકમાં દેશમાં ૩૯,૬૭૦ નવા કેસ નોંધાયા છે. આ પહેલા એક દિવસમાં આટલા બધા કેસ પાછલા વર્ષે ૨૮ નવેમ્બરના રોજ નોંધાયા છે. કોરોનાના વધી રહેલા કેસના કારણે મહારાષ્ટ્ર સૌથી વધુ સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. મહારાષ્ટ્રમાં કોરોનાના નવા ૨૫,૮૩૩ કેસ નોંધાયા છે અને તે સપ્ટેમ્બર બાદનો સૌથી મોટો આંકડો છે. હવે મહારાષ્ટ્રમાં મુંબઈ-નાગપુર-પુણે-નાસિક જેવા મોટા શહેરો ઉપરાંત હવે ટિયર-૨ શહેરોમાં પણ કોરોનાની ગતિ અચાનક વધી ગઈ છે. મહારાષ્ટ્રમાં થાણે, ઔરંગાબાદ, નાંદેડ, અમરાવતી, અકોલા, નાંદુરબાર જેવા વિસ્તારોમાં કોરોનાના કેસ વધી રહ્યા છે.

પાછલા દિવસમાં નવા નોંધાયેલા કેસમાં સૌથી વધુ કેસ મહારાષ્ટ્રમાં ૨૫,૮૩૩ નોંધાયા છે, ૧૫ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં જાન્યુઆરી કે તે પહેલાના સૌથી વધુ એક દિવસના કેસનો રેકોર્ડ તૂટ્યો છે.

પાછલા ૫ દિવસમાં, સરેરાશ ૭ દિવસ પ્રમાણે જોઈએ તો દરરોજના નવા કેસમાં ૫%નો વધારો નોંધાયો છે. આંકડાઓ પ્રમાણે પાછલા મે મહિનામાં કોરોનાના કેસમાં સતત ૫ દિવસ દરમિયાન ઉછાળો નોંધાતો હતો તે પ્રમાણે ફરી દરરોજના કેસમાં નોંધાઈ રહ્યા છે. આ પહેલા, દરરોજ નોંધાતા નવા કેસના ઉછાળામાં ૧૯થી ૨૨ મે દરમિયાન ૫% કરતા વધુનો ઉછાળો નોંધાતો હતો.

મૃત્યુઆંકમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે પરંતુ આ વધારો કેસના વધારાની સરખામણીમાં નીચો રહ્યો છે. ભારતમાં ગુરુવારે ૧૫૪ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. ગુરુવારે સતત ત્રીજા દિવસે ૧૫૦ કરતા વધુ મૃત્યુ નોંધાયા છે.

ગુરવારે પાછલા ૭ દિવસના મૃત્યુઆંક ૧૫૦ને પાર કરી ગયા છે, આવું ૨૩ જાન્યુઆરી પછી પહેલીવાર થયું છે. માત્ર મહારાષ્ટ્ર જ નહીં પરંતુ મુંબઈમાં પણ પાછલા દિવસની સરખામણી કરતા કોરોનાના નવા કેસમાં નવો વધારો નોંધાયો છે.

મુંબઈમાં ગુરુવારે નવા ૨,૮૭૭ કેસ નોંધાયા છે, જે પહેલા બુધવારે ૨,૮૪૮ કેસ કેસ સાથે ૧૦ ઓક્ટોબર, ૨૦૨૦નો રેકોર્ડ તોડ્યો હતો. બીજી તરફ સારી બાબત એ છે કે ગુરુવારે ૧૧ સપ્ટેમ્બરથી નીચો મૃત્યુઆંક રહ્યો છે. ઉત્તર પશ્ચિમ અને ઓડિશા તથા બિહાર સિવાયના મોટાભાગના રાજ્યોમાં કોરોનાના નવા કેસમાં વધારો નોંધાયો છે. પંજાબમાં ૨,૩૮૭ નવા કેસ નોંધાયા, જે ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૦ પછી સૌથી મોટો આંકડો છે. કેન્દ્રીય પ્રદેશ ચંદીગઢમાં પણ ૨૧૧ કેસ નોંધાયા છે જે ૨૫ સપ્ટેમ્બર પછી નોંધાયેલા સૌથી વધુ કેસ છે.

### મોટા ભાગના રાજ્યોમાં કોરોના પોઝિટિવ કેસ વધતા નિયંત્રણો લાગુ કરાયા, જેમાં ગુજરાત,પંજાબ,મધ્ય પ્રદેશમાં રાત્રિ કર્ફ્યૂ જાહેર

---

### મહામારીને લઈને પંજાબ એલર્ટ પર

## ૩૧ માર્ચ સુધી શાળા-કોલેજ બંધ, મહેમાનો પર પણ લાગ્યો પ્રતિબંધ



ચંડીગઢ,તા.૧૯

પંજાબમાં કોરોના વાયરસના વધી રહેલા કેસને ધ્યાનમાં લઈને તમામા શાળા અને કોલેજોને ૩૧ માર્ચ સુધી બંધ કરવામાં આવ્યા છે. જેની સાથે જ કોલેજની પરીક્ષાઓને પણ સ્થગિત કરાવામાં આવી છે. પંજાબ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી ગાઈડલાઈન પ્રમાણે રાજ્યમાં વધી રહેલા કોરોના કેસને ધ્યાને લઈને શાળા-કોલેજોને ૩૧ માર્ચ સુધી બંધ કરવામાં આવ્યા છે. મેડિકલ અને નર્સિંગ કોલેજોને છોડીને તમામ શૈક્ષણિક સંસ્થાનો ૩૧ માર્ચ સુધી બંધ રહેશે. આ સિવાય સિનેમા હોલને ૫૦ ટકા ક્ષમતા સાથે સંચાલિક કરવા માટેના આદેશ આપવામાં આવ્યા છે. એક મોલની અંદર ૧૦૦ કરતા વધારે લોકો એક સમયે હાજર નહીં રહી શકે. સાથે જ ઘરમાં એકસાથએ ૧૦ કરતા વધારે મહેમાનો બોલાવવા ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તમામ સામાજિક કાર્યક્રમોને પણ બે અઠવાડિયા સુધી સ્થગિત કરવાના આદેશ આપવામનાં આવ્યા છે. પંજાબના ૧૧ જિલ્લાની અંદર અત્યારે નાઈટ કર્ફ્યુ લાગુ કરવામાં આવ્યો છે. જેની અંદર લુધિયાણા, જાલંધર, પટિયાલા, મોહાલી, અમૃતસર, ગુરદાસપુર, હોંશિયારપુર, કપૂરથલા અને રાપડનો સમાવેશ થાય છે. જ્યાં રાત્રે ૧૧ વાગ્યાથી સવારે ૫ સુધી નાઈટ કર્ફ્યુ લાગુ રહેશે. આ તમામ જિલ્લાની અંદર દરરોજના ૧૦૦ કરતા વધારે કરોના કેસ આવી રહ્યા છે.

---

### આઈટી સેક્ટરમાં ૨૦૧૯માં ૨ લાખ નોકરીઓ મળી

## ભારત સરકાર પોતાની મોબાઈલ એપ સ્ટોર વિકસાવશે: પ્રસાદ

ન્યુ દિલ્હી,તા.૧૯

કેન્દ્રીય સૂચના પ્રૌદ્યોગિકી મંત્રી રવિશંકર પ્રસાદે રાજ્યસભામાં કહ્યુ કે કેટલીક કંપનીઓના ઈન્ટરનેટનું સામ્રાજ્યવાદ બનવાના કોઈ પણ પ્રયત્નને સહન કરવામાં નહીં આવે. ટ્વીટર અકાઉન્ટ પર પ્રતિબંધ લગાવવાના મુદ્દા પર પ્રશ્નકાળમાં તેમને કહ્યું કે સરકાર સમીક્ષાનું સ્વાગત કરે છે પરંતું સોશિયલ મીડિયાના દુરઉપયોગ કરવાની પરવાનગી ન આપી શકાય.



કોંગ્રેસ સાંસદ જીસી ચંદ્રશેખરના સામાજિક કાર્યકર્તા દિશા રવિના ઉઠેલા મુદ્દા પર પ્રસાદે કહ્યુ કે ભારતને ગર્વ છે કે અહીં સોશિયલ મીડિયાના કરોડો ઉપયોગ કર્યા છે અને ફેસબુક, ટ્વીટર સહિત અન્ય મંચો પર સક્રિય છે. તેમણે કહ્યું કે ભારતમાં પોતાના વ્યવસાય કરવા માટે સ્વતંત્ર છે પણ ઈન્ટરનેટ પર કેટલીક કંપનીઓનો એકાધિકાર ન હોવો જોઈએ. ન સોશિયલ મીડિયાનો દુરઉપયોગ થવો જોઈએ. ઈન્ટરનેટ મનુષ્યની એક શક્તિશાળી શોધ છે. પરંતુ આમાં કોઈનો એકાધિકાર ન રહેવો જોઈએ. કેટલીક કંપનીઓ દ્વારા ઈન્ટરનેટના સામ્રાજ્યવાદ બનાવવાના પ્રયાસને સ્વીકારવામાં નહીં આવે. પ્રસાદે કહ્યું કે આ એપ બનાવવા માટે ખાનગી કંપનીઓને પ્રોત્સાહિત કરવાની સાથે સરકાર પોતે મોબાઈલ એપ સ્ટોર વિકસિત કરવા માટે અને આને સશક્ત બનાવવા માટે ઈચ્છુક છે. એક લેખિત જવાબમાં તેમણે કહ્યું કે દેશનું પહેલું સ્વદેશ વિકસિત એપ સ્ટોર મોબાઈલ સેવા એપસ્ટોર છે. આના પર વિભિન્ન ડોમિન અને સાર્વજનિક સેવાઓની શ્રેણીના ૯૬૫ લાઈવ એપ છે. ઈન્ડિયા એપ માર્કેટ સ્ટેટિક્ટિક રિપોર્ટ ૨૦૨૧ના હવાલાથી તેમણે જણાવ્યું કે એન્ડ્રોઈડ પર ૫ ટકા એપ ભારતીય ડેવલપર્સના છે.

તેમણે કહ્યું કે આઈટી સેક્ટરમાં દેશના જીડીપીમાં ૮ ટકાનું યોગદાન છે. આ સેક્ટરમાં ૪૬ લાખ લોકો કાર્યરત છે. જેમાં ૧૪ લાખ મહિલાઓ છે. એટલું જ નહીં ૨૦૧૯માં આ સેક્ટરમાં નવી નોકરીઓ આપવામાં આવી છે. તેમણે જણાવ્યું કે સરકારની ઈચ્છા છે કે પુરા દેશમાં ગામોમાં ભારતનેટનું નેટવર્ક પાથરવામાં આવે અને પીએમ આગામી ૧હજાર દિવસોમાં આને પુરુ કરવા ઈચ્છે છે.

---

## વીમા ક્ષેત્રે FDI વધારીને ૭૪% કરવાનો પ્રસ્તાવ રાજ્યસભામાં પાસ

ન્યુ દિલ્હી,તા.૧૯

રાજ્યસભાએ વીમા ક્ષેત્રે સીધું વિદેશી રોકાણ (એફડીઆઇ) વધારીને ૭૪ ટકા સુધીનું કરવાની જોગવાઇ ધરાવતા ખરડાને બહાલી આપી હતી.

કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે ભારતના વીમા ક્ષેત્રે વિદેશી કંપનીઓનો હિસ્સો વધશે, પરંતુ તેઓના મોટા ભાગના ડિરેક્ટર અને મૅનેજમૅન્ટમાંની મહત્ત્વની વ્યક્તિઓ ભારતીય જ રાખવી પડશે.

તેમણે આ ખરડા પરની ચર્ચા દરમિયાન જવાબમાં જણાવ્યું હતું કે દેશના કાયદા કડક છે અને કોઇ વિદેશી કંપનીઓ દેશમાંથી નાણાં મોટા પાયે બહાર ખેંચીને લઇ જઇ નહિ શકે.

નિર્મલા સીતારમણે વધુ સ્પષ્ટતા કરી હતી કે દેશમાંની વીમા ક્ષેત્રાની કંપનીઓ પ્રવાહિતાની ખેંચ અનુભવી રહી છે અને સીધા વિદેશી રોકાણમાં વધારો કરવાથી તેઓની મૂડીની જરૂરિયાત સંતોષાશે.

તેમણે જણાવ્યું હતું કે વીમા ક્ષેત્રે 'નિયંત્રણ'ની વ્યાખ્યામાં સુધારો કરાયો છે. દેશની વીમા કંપનીઓમાં વિદેશી કંપનીઓનો હિસ્સો વધારવામાં આવ્યો હોવા છતાં મૅનેજમૅન્ટના મહત્ત્વના હોદ્દા પર ભારતીયો જ રાખવા પડશે.

નિર્મલા સીતારમણે વીમા (સુધારા) ખરડા, ૨૦૨૧ પરની ચર્ચા દરમિયાન જણાવ્યું હતું કે ભારતમાં વીમા ક્ષેત્રે સીધું વિદેશી રોકાણ ૨૦૧૫માં ૨૪ ટકાથી વધારીને ૪૯ ટકા કરાયું તે પછી અત્યાર સુધીમાં અંદાજે રૂપિયા ૨૬,૦૦૦ કરોડનું સીધું વિદેશી રોકાણ કરાયું હતું.

---

### નાગપુરમાં પેદા થયેલી શક્તિ આખા દેશને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહી છે

## કોંગ્રેસ જીતશે તો આસામમાં સીએએ લાગુ નહિ થાય: રાહુલ ગાંધી

ગૌહાટી,તા.૧૯

આસામ વિધાનસભા ચૂંટણીને જોતા કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારના કૉલેજના બાળકો સાથે વાતચીત કરી. આ દરમિયાન રાહુલે કહ્યું કે, કૉંગ્રેસએ ખાતરી કરશે કે રાજ્યમાં નાગરિકતા કાયદો લાગુ ના થાય. દિબ્રુગઢમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, તમને લાગે છે કે લોકશાહીમાં પડતી આવી રહી છે? યુવાઓ બેરોજગાર છે, ખેડૂતો વિરોધ કરી રહ્યા છે. ઝછછછ છે. જો તેઓ કેન્દ્ર સરકારમાં છે તો લોકોને તેમની સંસ્કૃતિ, ભાષા ભૂલવા માટે ના કહી શકે. નાગપુરમાં પેદા થયેલી એક શક્તિ આખા દેશને નિયંત્રિત કરવાનો પ્રયત્ન કરી રહી છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, "લોકશાહીનો અર્થ છે- આસામનો અવાજ, આસામ પર રાજ કરે. જો આપણે વિદ્યાર્થીઓને સામેલ નથી કરતા તો કોઈ લોકશાહી ના હોઈ શકે. યુવાઓએ સક્રિય રીતે રાજનીતિમાં ભાગ લેવો જોઈએ અને આસામ માટે લડવું જોઈએ. તમારે પથ્થરો, લાકડીઓથી નહીં, પ્રેમથી લડવું પડશે." કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કૉલેજના વિદ્યાર્થીઓને કહ્યું કે, ભાજપ લોકોમાં ભાગલા પાડવા માટે નફરત ફેલાવે છે.

વાયનાડ સાંસદે કહ્યું કે, "જે એરપોર્ટના મુદ્દે થઈ રહ્યું છે. એ જ ચાના બાગને લઈને પણ થઈ રહ્યું છે. જ્યારે અમારી સરકાર હતી ત્યારે અમે આસામને સુરક્ષા આપી હતી. હજારો-કરોડો રૂપિયાના સ્પેશિયલ પેકેજ, ઈન્વેસ્ટમેન્ટ પોલિસી જેમાં કોઈ પણ જો ઈન્વેસ્ટ કરવા ઈચ્છે છે તો તેને અમે સબસિડી આપતા હતા. તેને રદ્દ કરી દેવામાં આવી." રાહુલ ગાંધીએ કહ્યું કે, "તમારી વચ્ચે ભાગલા પાડવામાં આવી રહ્યા છે. એક ધર્મને બીજા ધર્મ સાથે લડાવીને. એક વ્યક્તિને બીજા વ્યક્તિ સાથે લડાવીને."

રાહુલ ગાંધીએ કહ્યું કે, "પછી જે તમારું છે એ તમારી પાસેથી છીનવીને પોતાના ઉદ્યોગપતિ મિત્રોને આપવામાં આવી રહ્યું છે. ભારતમાં અલગ-અલગ ભાષાઓ છે, જેમકે તમિલનાડુમાં તમિલ, બંગાળમાં બાંગ્લા છે, આ ભાષાઓ, ધર્મો અને લોકોની વચ્ચે જે ખુલ્લી વાતચીત થાય છે તેને આપણે હિન્દુસ્તાન કહીએ છીએ.

---

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૪૧૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૮૩૮૬૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૯૪૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૭૩૩૮૦**

---

## ભારતના જીડીપી રેટમાં ૨૦૨૧માં ૫ ટકા વૃદ્ધિ જોવા મળશે: યુએન રિપોર્ટ



યુએન,તા.૧૯

ભારતીય અર્થવ્યવસ્થામાં કોરોના વાયરસ મહામારીના કારણે ૨૦૨૦માં ૬.૯ ટકા ઘટાડો થવાનું અનુમાન છે. પરંતુ ૨૦૨૧માં આમાં ૫ ટકા વૃદ્ધિની સાથે 'મજબુત સુધાર'નું અનુમાન છે. એવું સંયુક્ત રાષ્ટ્રના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતનું નવું બજેટ ડિમાન્ડ વધારવા માટેના પ્રોત્સાહન પર ભાર મુકે છે. જેમાં સાર્વજનિક રોકાણના વધારાનો ઉપયોગ કરી શકાય છે.

સંયુક્ત રાષ્ટ્ર વ્યાપાર તથા વિકાસ સમ્મેલન દ્વારા વ્યાપાર અને વિકાસ રિપોર્ટ ૨૦૨૦ના આ અધ્યતન રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં આ વર્ષે ૨૦૨૧માં ૪.૭ ટકા વૃદ્ધિનું અનુમાન છે. આ પહેલા સપ્ટેમ્બરમાં ૨૦૨૦માં લગાવવામાં આવેલા ૪.૩ ટકાનાં અનુમાન કરતા વધારે છે. અમેરિકન અર્થવ્યવસ્થામાં મજબૂત સુધારો આવવામાં આનું યોગદાન રહેશે. અમેરિકામાં રસીકરણ અભિયાનમાં તેજી અને ૧૯૦૦ અરબ ડોલરના નવા પ્રોત્સાહન પેકેજના ઉપભોક્તા ખર્ચના વધતી આર્થિક ગતિવિધિઓ પર અસર દેખાશે.

આ રિપોર્ટમાં વર્ષ ૨૦૨૦ના અપ્રત્યાશિત ગણાવવામાં આવ્યુ છે. આમાં કહેવામાં આવ્યુ છે કે હાલના વર્ષોમાં વાયરસ ફેલાવાને લઈને ચેતવણી સમય સમય પર આવતી રહી છે. પરંતુ કોઈને પણ કોરોનાના આટલા ખતરનાક હોવાની આશા નહોંતી. ભારતના જીડીપીમાં ૨૦૨૦-૨૧માં ૬.૯ ટકા ઘટાડાનું અનુમાન છે. પરંતુ આ બાદ ૨૦૨૧માં આમાં ૫ ટકાની વૃદ્ધિ નોંધાવાનું અનુમાન છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના આમ પ્રજાને પુનઃ કુદરતના સાનિધ્યનો અનુભવ કરાવશે કે શું....?

દેશમાં કોરોનાની બીજી લહેરે કેન્દ્ર અને રાજ્ય સરકારોની ઊંઘ હરામ કરી નાખી છે તો સરકારી- અર્ધ સરકારી તંત્ર દ્વારા કોરોના નિયમોનુ પાલન કરાવવા માટેના લેવામાં આવતા પગલાં સહન કરવાનું બહુમત મધ્યમ વર્ગ, ગરીબ વર્ગ કે મજુર વર્ગનેજ આવે છે. જ્યારે કે જે તે રાજ્યની કે સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી યોજાઈ ત્યારે કોરોના ખતમ થઈ ગયો હોય તેમ રાજકીય પક્ષોના નાના- મોટા નેતાઓ, અને કાર્યકરો, રાજનેતાઓએ કોરોના નિયમોના સરેઆમ ધજીયા ઉડાવ્યા હતા. ત્યારે સરકાર કે તેના તંત્રને કોરોના બાબતે કોઈ ચિંતા ન હતી અને કોરોના ગુમ થઈ ગયો હોય તેમ નિશ્ચિત થઇ રેલીઓ, સભાઓ સહિતના કાર્યક્રમો કરવા દીધા હતા તે સમયે સંબંધિત તંત્રએ કોરોના નિયમોનું પાલન કરાવવા માટે આંખે કાળા ચશ્મા ધારણ કરી લીધા હતા.....! હવે કોરોનાએ દેશભરમાં અનેકોને ચપેટમાં લેવાનું શરૂ કરી દીધું તેમાં પણ મહારાષ્ટ્ર, કેરળ, કર્ણાટક, પંજાબ, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં કોરોનાએ બઘડાટી બોલાવી દીધી ત્યારે જે તે રાજ્ય સરકારોએ અનેક વિસ્તારો માઈક્રો કન્ટેન્ટમેન્ટ, નાના- મોટા શહેરો કે મહાનગરોમાં કર્ફ્યુ કે લોકડાઉન જાહેર કરવા પડ્યા છે તો તે સાથે અનેક શાળા-કોલેજો, કોચિંગ ક્લાસ બંધ કરાવવા પડ્યા છે. જેમાં ગુજરાતમાં તો મહાનગરોમાં રાત્રી કર્ફ્યુ લાગ્યો પરંતુ શહેરમાં આમ નાગરિકો માટે શહેરી બસ સેવાઓ બંધ કરી દીધી તેની અસર મોટા પ્રમાણમાં મધ્યમ વર્ગના નોકરિયાતો, નાના ધંધાર્થીઓ, મજૂર વર્ગ અને રોજમદાર વર્ગ પર થવા પામી છે. તે સાથે ખાનગી વાહનચાલકો વધુ ભાડું લઈ રીતસર લૂંટ ચલાવી રહ્યા છે તે સાથે પોતાના વાહનમાં ઘેટા બકરાની જેમ વધુ પેસેન્જર ભરીને વાહન દોડાવી રહ્યા છે. જેમાં કોરોના નિયમોની ઐસી તૈસી થઈ રહી છે. બીજી તરફ રાજ્યમા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો યોજાઈ,મોટેરા સ્ટેડિયમ ખાતે ક્રિકેટ મેચો યોજાઈ જેમાં પ્રથમ બે મેચમાં લોકો કોરોના નિયમોનો ભંગ કરીને ક્રિકેટ મજા માણી અને કોરોના નિયમનો અમલ ન થયો... દરમિયાન કોરોના ફેલાવા અંગે રાજ્યના મુખ્યમંત્રીશ્રી કહે છે કે લોકો બેદરકાર રહ્યા અને નિયમો ન પાળ્યા એટલે લોકો જવાબદાર છે. અને આ વાતથી આમ પ્રજામાં રોષ વ્યાપી ગયો છે. લોકો સવાલી ચર્ચામાં કહે છે કે ચૂંટણીઓમાં રાજકીય પક્ષોના નેતાઓ, રાજનેતાઓ અને કાર્યકરોએ કોરોના નિયમોનું ઉલ્લંઘન કર્યું તો અમદાવાદ મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાયેલ પ્રથમ બે ક્રિકેટ મેચમાં માસ્ટ અને ડિસ્ટન્સ ગુમ હતા આ બધું તંત્રને કેમ ન દેખાયું....? અને હવે પાડાને વાંકે પખાલીને ડામ....!! સરકારની આ નીતિને શું કહીશું....?

કોરોનાને એક વર્ષ પૂરું થશે અને આગામી રવિવારે તેનો દેશમાં પ્રવેશ દિવસ છે ત્યારે જૂની બાબતો યાદ આવે છે સમગ્ર દેશમાં લોકડાઉન હતું તે સમય દરમ્યાન તમામ પ્રકારના વાહન વ્યવહાર બંધ હતા, હવા અને પાણીનુ પ્રદૂષણ ઓકતા તમામ કારખાનાઓ બંધ હતા.... ત્યારે હવા અને પાણીનું પ્રદૂષણ તદ્દન ખતમ થઈ ગયું હતું અને દૂરના ઐતિહાસિક સ્મારકો,બિલ્ડિંગો કે કુદરતી નજારો નરી આંખે સ્પષ્ટ જોઈ શકતા હતા, નદીઓના પાણી નિર્મળ થઇ ગયા હતા જે કારણે નદીઓના તળ તથા તે પાણી માહેની તરતી માછલીઓ સહિતના વિવિધ જીવો સ્પષ્ટ જોવા મળતા હતા, તથા જે તે પક્ષીઓ શહેરોમા જોવા મળતા ન હતા કે ઓઝલ થઇ ગયા હતા તેવા પક્ષીઓમાં ચકલી, ખિસકોલી, કાબર, કોયલ, મોર વગેરે ઉડતા અને હરતા ફરતા થઇ ગયા હતા અને લોકોને કુદરતી વાતાવરણનો તેમજ કુદરતની લીલાનો અદભૂત નજારો માણી શકતા હતા તે સાથે સ્વચ્છ પ્રદૂષણ મુક્ત હવાનો અહેસાસ થવા લાગ્યો હતો.....પરંતુ સમયાનુસાર આપ લોકડાઉનની હળવી છૂટછાટ આપવા સાથે દિન બ દિન વધુ છૂટછાટો આપ્યા બાદ સમગ્ર દેશમાં ધંધા-રોજગાર શરૂ થયા,વાહન વ્યવહારો શરુ થયા, દરેક પ્રકારના કારખાનાઓ ધમધમતા થયા તેની સાથે જ હવા-પાણી પ્રદૂષણ એટલું વધી ગયું કે જે નરી આંખે કુદરતી નજારો કે અન્ય ધરોહરો સ્પષ્ટ જોવા મળતા હતા તે બધું ઓઝલ થઈ ગયુ-ગુમ થઈ ગયું... અને તાજેતરમાં કોરોનાએ પુનઃ વરવું સ્વરૂપ પકડતા મોટા ભાગનું બંધ થવા જઈ રહ્યું છે... ત્યારે લાગે છે કે ફરી એકવાર સ્વચ્છ હવા, નિર્મળ પાણી, ઓઝલ થયેલ વિવિધ પક્ષીઓ સહિત કુદરતી નજારો માણવા મળશે કે શું.....!?

## ગાંધીનગરના વિકાસને વધુ ઉંચાઇ પર લઇ જવાનો છેઃ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

# મહાનગર પાલિકા વિસ્તારમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂપિયા ૩૯૫ કરોડના ખર્ચના વિકાસ કામોનું ઓનલાઇન લોકાર્પણ અને ખાતમુહૂર્ત



## રૂપિયા ૨૫૪ કરોડના ખર્ચે ૫૦ વર્ષ જુની ગટર લાઇન બદલાવીને સ્કાડા સિસ્ટમ સાથેની નવી લાઇન નંખાતા ગટર ઉભરાવાની સમસ્યા ભૂતકાળ બની જશેઃ મેયરશ્રી રીટાબેન પટેલ

ગાંધીનગરઃ

ગાંધીનગર શહેરમાં માળખાકીય સુવિધાઓને નવા સ્તર પર લઈ જવા માટે પ્રયત્નશીલ બનેલી ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગતના રૂપિયા ૩૯૫ કરોડના ખર્ચના વિકાસ કામોનું શુક્રવારે મેયરશ્રી રીટાબેન પટેલ અને મ્યુનિસિપલ કમિશનર ડૉ. રતનકુંવર ગઢવીચારણ તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે ઓનલાઇન લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતાં. તેમાં રૂપિયા ૨૫૪ કરોડના ખર્ચની સ્કાડા સિસ્ટમ સાથેની ગટર યોજના, શહેરના પ્રવેશ દ્વારા પર ૩૦ મીટર ઉંચા રાષ્ટ્ર ધ્વજના પોલ, મહાનગર પાલિકાની નવી કચેરી, ઘ-૪ સર્કલ પર સરદાર પટેલ સ્વર્ણિમ અન્ડરપાસ અને વિવિધ સેક્ટરના બગીચા સહિત વિકાસ કામોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીશ્રીએ આ તકે જણાવ્યું કે ગાંધીનગરના વિકાસને હજુ નવી ઉંચાઇ પર લઇ જવાનો છે. ગાંધીનગરને ગ્રીન અને ક્લીન સિટી ઉપરાંત સ્માર્ટ અને ડિજીટલ સિટીની ઓળખ આપીને વિશ્વના શ્રેષ્ઠ શહેરોમાં સ્થાન અપાવવા સરકાર કટીબદ્ધ છે. છેવાડાના માનવીને તમામ સુવિધાઓ ઉપલબ્ધ થાય તેના મહાનગર પાલિકા તંત્ર પ્રયત્નશીલ રહેશે. જ્યારે મેયરશ્રીએ આ તકે કહ્યું કે ગટરના વ્યવસ્થાપન માટેની મહત્વાકાંક્ષી યોજના પૂર્ણ થતાં નગરમાં ગટર ઉભરાવાની સમસ્યા ભૂતકાળ બની જશે.

ઓનલાઇન ઉપરાંત પેથાપુરમાં મહારાણા પ્રતાપની પ્રતિમાનું લોકાર્પણ, ચ-૦ સર્કલ પર રાષ્ટ્ર ધ્વજના ૩૦ મીટર ઉંચા પોલનું લોકાર્પણ અને સેક્ટર ૨૨માંથી નવી ગટર લાઇનનું ખાતમુહર્ત કરવાના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતાં. તેમાં પૂર્વમંત્રીશ્રી રજનીભાઇ પટેલ, પ્રદેશ ભાજપના પૂર્વમંત્રીશ્રી અમિતભાઇ ઠાકર, પૂર્વ ધારાસભ્યશ્રી અશોકભાઇ પટેલ, ડેપ્યુટી મેયરશ્રી નાજાભાઇ ઘાંઘર, સ્થાયી સમિતિના ચેરમેનશ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા. ગુડાના પૂર્વ ચેરમેનશ્રી આશિષભાઇ દવે, પૂર્વ ચેરમેનશ્રી રાકેશભાઇ પટેલ, મહાનગર ભાજપ પ્રમુખશ્રી ઋચિરભાઇ ભટ્ટ, મહામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ, પૂર્વ શહેર પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ પટેલ સહિતના મહાનુભાવો, કોર્પોરેટરશ્રીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

મહાનગર પાલિકા હસ્તકના જે કામના લોકાર્પણ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યા તે નીચે પ્રમાણેના છે.

૧) ગાંધીનગર મહાનગર પાલિકાની કચેરી હાલમાં જુના બહુમાળી ભવનમાં કાર્યરત છે. તેના માટે ચ રોડ પર સચિવાલયની સામે તંત્રની ઝોન ઓફિસ, વિવિધ શાખાઓ, પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ માટેની ચેમ્બર્સ સહિતની અદ્યતન સુવિધાઓ સાથેની નવી ઈમારત બાંધવામાં આવી છે, ઉપરાંત શહેરીજનો માટે સુવિધા સજ્જ જનસેવા કેન્દ્ર, અત્યાધૂનિક અગ્નિશામક વ્યવસ્થા તથા સ્ટાફ અને અધિકારીઓના ક્વાર્ટરની રૂપિયા ૨૩.૩૧ કરોડના ખર્ચે પૂર્ણ કરાયેલી યોજના છે.

૨) સેક્ટર ૩૦માં રૂપિયા ૧.૭૪ કરોડના ખર્ચે નવા વ્હિકલ પૂલનું બાંધકામ કરવામાં આવ્યુ છે. જ્યાં મહાનગર પાલિકાના વાહનો માટે અલાયદું પાર્કિંગ, વાહનોના સમારકામ અને વોશિંગ માટે પ્લેટફોર્મ, ડ્રાઇવર રેસ્ટ એરિયા, ઓફિસ, મિટીંગરૂમ તથા સિક્યુરિટી કેબિનની સુવિધા ઉભી કરવામાં આવી છે.

૩) ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં પ્રથમવાર ૩૦ મીટર ઉંચા રાષ્ટ્રધ્વજ પોલનું નિર્માણ ચ-૦ સર્કલ ખાતે રૂપિયા ૧૪ લાખના ખર્ચે કરવામાં આવ્યું છે. જે પાટનગરની શાન સમાન બની રહેશે. જ્યારે જે કામ સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં સમાવીને પૂર્ણ કરાયા છે, તેમાં લોકાર્પણની નીચેની યોજનાઓનો સમાવેશ થાય છે.

૧) રાજમાર્ગ સમાન ઘ-રોડ પરના ઘ-૪ જંકશન પર અન્ડરપાસનું નિર્માણ રૂપિયા ૩૫ કરોડના ખર્ચથી કરાયું છે. તેના કારણે પરિવહન વધુ સરળ અને સુરક્ષિત થશે. સાથે જ અન્ડરપાસની ઉપર વિધાનસભાથી લઈને મહાત્મા મંદિર સુધીના સળંગ સ્વર્ણિમ પાર્કની અનોખી સુવિધા નગરવાસીઓને મળશે.

૨) નગરના બાળકોને રમવા માટે તથા શહેરીજનોને હરવા-ફરવા માટે સેક્ટરોમાં આવેલા બગીચાઓના નવીનીકરણની યોજના અંતર્ગત સેક્ટર ૪, ૮, ૧૯ અને ૨૨માં રૂપિયા ૮.૭૨ કરોડના ખર્ચે બગીચાઓનું નવીનીકરણ કરાયું છે.

૩) આમ જનતા શહેર સંબંધિ માહિતી અવિરત મળતી રહે અને મહાનગર પાલિકાને જાહેરાતના માધ્યમથી નવી આવક મળી રહે તેના માટે વિવિધ જાહેર સ્થળે વેરીએબલ મેસેજિંગ ડિસ્પ્લેના ડિજીટલ બોર્ડ લાગવવાનું કામ રૂપિયા ૭ કરોડના ખર્ચથી પૂર્ણ કરવામાં આવ્યું છે.

૪) શહેરમાં ૬ સ્માર્ટ આંગણવાડીનું નિર્માણ રૂપિયા ૧.૬૨ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. તેમાં સેક્ટર ૩-ન્યુ, સેક્ટર ૧૩ છાપરા, સેક્ટર ૨૪માં પીએનટી ક્વાર્ટર પાસે, ઘ-૭ પાસે ચરેડી છાપરા, બોરિજ ગામમાં જૈન દેરાસર નજીક અને સેક્ટર ૩૦માં જ-૭ સર્કલ પાસે નવી સ્માર્ટ આંગણવાડી બનાવાઇ છે. તેમાં વર્ગ ખંડ, કિચન, સ્ટોર, ટોઇલેટ, પ્લે એરિયા, અનેકવિધ પ્લે સ્માર્ટ કોમ્પોનન્ટ્સ, પોસ્ટર ચાર્ટ, થીમ બેઝ વોલ પેન્ટિંગ, ફરતે કમ્પાઉન્ડ વોલ સહિતની અદ્યતન સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

બીજી બાજુ જે યોજનાઓના ખાતમુહૂર્ત માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યા તેમાં મહાનગર પાલિકા હસ્તકના કામો નીચે પ્રમાણેના છે.

૧) કચરા પેટી મુક્ત ગાંધીનગર માટે સોલીડ વેસ્ટ કલેક્શન તથા સ્ટોરેજ માટે અન્ડર ગ્રાઉન્ડ સ્માર્ટ બીન્સની યોજના રૂપિયા ૧૫.૭૧ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.

૨) મહાનગર પાલિકામાં સમાવવામાં આવેલા નવા વિસ્તારમાં પરિવહનની સરળતા માટે હયાત આસ્ફાલ્ટ રોડ્સને રીસર્ફેસ કરવા માટે ૭.૩૫ કરોડના ખર્ચની યોજના.

૩) નવા ભળેલા વિસ્તારમાં નવા સીસી રોડ બનાવવા અને હયાત સીસી રોડને રીસર્ફેસ કરવા માટે રૂપિયા ૭.૨૮ કરોડના ખર્ચની યોજના.

૪) નગરના ક-૭ સર્કલથી મહાનગર પાલિકામાં નવા ભળેલા વિસ્તાર રાંધેજા સુધી સ્ટ્રીટ લાઇટ નાખવાનું કામ ૯૩ લાખના ખર્ચે હાથ ધરાશે.

૫) ગાંધીનગર શહેરના મુખ્ય ૬ પ્રવેશ દ્વાર પર વિવિધ માહિતી સાથેની ગેન્ટ્રી તૈયાર કરવા પાછળ રૂપિયા ૬૯ લાખનો ખર્ચ કરાશે, તેનાથી ગાંધીનગરના મુલાકાતીઓને માહિતી ઉપલબ્ધ થશે.

જયારે સ્માર્ટ સિટી અંતર્ગત નીચેની યોજનાના ખાતમુહૂર્તનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૧) ગાંધીનગર શહેરમાં ૫૦ વર્ષ જુની લાઈનો બદલાવીને નવી ગટર વ્યવસ્થા ઉભી કરવા માટે અને તેની ક્ષમતા વધારવા માટે નવીનીકરણની યોજના રૂપિયા ૨૫૪ કરોડના ખર્ચથી હાથ ધરવામાં આવશે.

૨) સેક્ટર ૨૧-૨૨ અને ૨૨-૨૩માં સરળ અને સુરક્ષિત અવર-જવર માટે રૂપિયા ૧૮.૭૮ કરોડના ખર્ચે ૨ અન્ડરપાસનું નિર્માણ કરવામાં આવશે.

૩) નગરના વિદ્યાર્થીઓ અને વસાહતીઓને વાંચન માટેની ઉત્તમ સુવિધા પુરી પાડવા માટે સેક્ટર ૨૧માં સ્ટાર્ટઅપ નોલેજ એન્ડ ફીલાન્સિંગ સેન્ટર તથા ડિસ્ટ્રીક્ટ લાયબ્રેરી માટે ૫ માળની ઈમારત ૧૧.૯૯ કરોડના ખર્ચે બાંધવામાં આવશે. તેનાથી વિદ્યાર્થીઓની કારકિર્દીનું ઘડતર થશે તથા શહેરીજનો પોતાના જ્ઞાનને સમૃદ્ધ કરી શકશે.

### ચૂંટણીમાં ગાંધીનગરની જનતા આશિર્વાદ આપશેઃ મુખ્યમંત્રીશ્રી રૂપાણી

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે તાજેતરમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીનો ઝળહળતો વિજય થયો છે. હું તેને જનતાના આશિર્વાદ ગણું છું અને આગામી દિવસોમાં મહાનગર પાલિકાની ચૂંટણીમાં ગાંધીનગરની જનતા પણ આશિર્વાદ આપશે.

### પેથાપુરમાં ડમ્પિંગ સાઇટ બંધ રાખવા મેયરનો મ્યુનિ. કમિશનરને આદેશ

પેથાપુરમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે સરકાર દ્વારા ફાળવવામાં આવેલી જમીન પર લેન્ડફીલ સાઇટ ઉભી કરવાનું કામ બંધ રાખવા માટે મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા પત્ર લખીને મ્યુનિસિપલ કમિશનરશ્રીને જણાવવામાં આવ્યું છે. પત્રમાં જણાવાયુ છે કે ગાંધીનગર મહાનગરના મહાનગર ભાજપ પ્રમુખ તથા મારે મુખ્યમંત્રીશ્રી સાથે રૂબરૂમાં ચર્ચા થઇ છે અને સ્થાનિક આગેવાનોના વિરોધને કારણે ઉપરોક્ત સ્થળ યોગ્ય જણાતુ નહીં હોવાથી તેને અન્યત્ર ખસેડવું જરૂરી છે. માટે આ બાબતે તાત્કાલિક આદેશ કરીને તેની જાણ કરવા મ્યુનિસપિલ કમિશનરને જણાવવામાં આવ્યુ છે.

### પેથાપુરમાં મહારાણા પ્રતાપની પ્રતિમાનું મેયરશ્રીના હસ્તે લોકાર્પણ કરાયું

મહાનગર પાલિકામાં સામેલ કરવામાં આવેલા પેથાપુર નગરને નવી અને કાયમી ઓળખ આપવામાં આવી છે. પેથાપુરના પ્રવેશ દ્વાર પત્ર શુક્રવારે રાજ્યના પૂર્વમંત્રીશ્રી રજનીભાઇ પટેલ અને સંગઠનના હોદ્દેદારો, પેથાપુર ગામના અગ્રણીઓ, કોર્પોરેટરશ્રીઓ અને નગરજનોની ઉપસ્થિતિમાં મેયરશ્રી રીટાબેન પટેલના હસ્તે દેશના મહાન યોદ્ધા મહારાણા પ્રતાપની પ્રતિમાને ખુલ્લી મુકીને મહારાણા પ્રતાપ ચોક નામાભિધાન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગને ભવ્ય આતશબાજી કરીને વધાવી લેવામાં આવ્યો હતો.

# ગાંધીનગર મનપા ચૂંટણી જાહેરઃ ૧૮ એપ્રિલે મતદાન, ૨૦ એપ્રિલે પરિણામ

*ગાંધીનગર,તા.૧૯*

કોરોના સંક્રમણે આખા ગુજરાતને ભરડામાં લઈ લીધુ છે ત્યારે રાજ્યના ગણા શહેરોમાં રાત્રિ કરફ્યૂના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને રાત્રિ કરફ્યૂનો સમય વધારી દેવામાં આવ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ અનુસાર ૧૨૭૮ કોરોના કેસ નોંધાયા હતા. ત્યારે રાત્રિ કરફ્યૂ બાદ અફવાઓનું બજાર પણ ગરમાયું છે અને લોકો લોકડાઉનનાં ડરે મોલ અને દુકાનોમાં ખરીદી કરવા ઉમટી પડ્યા છે. ત્યારે ઈલેક્શન કમિશને પણ એક વિચિત્ર જાહેરાત કરી છે. કોરોના મહામારીના ભયાનક ડર વચ્ચે હવે ગાંધીનગરમાં ચૂંટણી યોજાશે. ગાંધીનગરમાં ૨૦ એપ્રિલના રોજ મનપાની ચૂંટણી યોજાશે. આ દરમિયાન જાહેર જનતામાં એવો પણ ગુસ્સો છે કે સરકાર સભાઓ કરે છે ચૂંટણીનું આયોજન થાય છે જેના કારણે કોરોના સંક્રમણ ફરીથી વધી રહ્યું છે. આ દરમિયાન ગાંધીનગપ મનપાની ચૂંટણીની જાહેરાત કરી દેવામાં આવી છે. આગામી ૧૮ એપ્રિલે ગાંધીનગર મનપાની ચૂંટણી યોજાશે. ૨૦ એપ્રિલના રોજ મનપાની ચૂંટણીના મતની ગણતરી થશે. સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. અહીં મનપામાં કુલ ૨,૮૨,૯૮૮ મતદાર છે. જેથી ૨૮૪ મતદાન મથક તૈયાર કરવામાં આવ્યા છે. ગાંધીનગર મનપાની ચૂંટણી માટે એક એપ્રિલ સુધી ફોર્મ ભરી શકાશે અને ૩ એપ્રિલે ઉમેદવારી પત્રની ચકાસણી થશે. ૫ એપ્રિલે ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ રહેશે. એક બાજૂ કોરોના મહામારીએ ઉથલો માર્યો છે ત્યારે ગાંધીનગરમાં મનપાની ચૂંટણી યોજાવા જઇ રહી છે. તે જોતા સાફ કહી શકાય કે કોરોના મહામારીમાં સરકાર બનાવાના નાટક યોજાઇ રહ્યા છે અને લોકોના જીવન સાથે ચેડા થઇ રહ્યા છે.

## આગનો પ્રચંડ ધડાકો આઠ કિમી દૂર સુધી સંભળાયો

# સાવલીના ગોઠડા ગામે શિવમ પેટ્રોકેમ કંપનીમાં આગઃ ૬ કર્મી દાઝ્યા



વડોદરા,તા.૧૯

સાવલી તાલુકાના ગોઠડા ગામ પાસે આવેલી શિવમ પેટ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝમાં વહેલી સવારે પ્રચંડ ધડાકા સાથે ભીષણ આગ લાગતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતાં જ ફાયરબ્રિગેડની ટીમ સહિત વહીવટી તંત્ર દોડી આવ્યું હતું. અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગની દુર્ઘટનામાં ૬ કામદારોને ઈજા પહોંચતા તત્કાલ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. સદનસીબે જાનહાની થતા ટળી હતી.

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ગોઠડા ગામ પાસે આવેલી ફાર્મા સ્યુટિકલ પાવડરનું ઉત્પાદન કરતી શિવમ પેટ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝમાં વહેલી સવારે રીએક્ટર ફાટતાં ભીષણ આગ લાગી હતી. પ્રચંડ ધડાકા સાથે આગ લાગતાં ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા. બનાવની જાણ થતાં જ ગોઠડા ગામના સરપંચ તેમજ મામલતદાર સહિત તંત્રની ટીમો સ્થળ પર દોડી આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. આગની દુર્ઘટનામાં ૬ કામદારો દાઝી જતા પ્રાથમિક સારવાર અર્થે સાવલી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ૪ કામદારો ગંભીર રીતે દાઝી જતા વડોદરાની જીજીૃ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

સાવલી વડોદરાના મુખ્ય માર્ગ પર ગોઠડા ગામ પાસે શિવમ પેટ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝ કંપની આવેલી છે. આ કંપનીમાં ફાર્માસ્યુટિકલ પાવડરનું ઉત્પાદન કરવામાં આવે છે. વહેલી સવારે કેમિકલ પ્રોસેસની કામગીરી દરમિયાન રીએક્ટરમાં પ્રેશર વધી જતાં રીએક્ટર ફાટ્યું હતું. પ્રચંડ ધડાકો થતા કંપનીથી ૮ થી ૧૦ કિલોમીટરના વિસ્તારમાં બ્લાસ્ટનો અવાજ સંભળાયો હતો. ઘટનાની જાણ થતાં આસપાસના ગામના લોકો કંપની ખાતે દોડી ગયા હતા.

બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા સાવલી નગરપાલિકા, નિરમા સહિતની આસપાસની કંપનીના ફાયર ફાયટરો અને એમ્બ્યુલન્સ તેમજ ૧૦૮ની ટીમો દોડી આવી હતી તેમજ આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

# હીરાબા-લીલાબા સમાજ ભવન,ઢુંઢીયાવાડી,પાલનપુર ખાતે કોવિડ-૧૯ રસીકરણ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું



શહેરી આરોગ્ય કેન્દ્ર પાલનપુર-૧ દ્વારા તાલુકા હેલ્થ અધિકારીશ્રી ડૉ. દીપકભાઈ અનાવાડિયા સાહેબના માર્ગદર્શન હેઠળ,મેડિકલ ઓફિસરશ્રી કિંજલબેન પટેલની સલાહ સુચન, ફિમેલ હેલ્થ સુપરવાઇઝર વર્ષાબેન ચૌધરી,ફિમેલ હેલ્થ વર્કર નયનાબેન ઈલાશરીયા,મિત્તલબેન જાદવ, ફાર્માસિસ્ટ હર્ષ વાઘેલા,આશાબેન પટેલ તેમની સીધી દેખરેખ હેઠળ લાભાર્થીઓને કોવિડ-૧૯નું રસીકરણનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉત્સાહિત થઈને ૧૫૫ જેટલા લાભાર્થીઓ લાભ લીધો હતો. કોરોના રસીનો પ્રથમ ડોઝ લેનાર સીનીયર સીટીઝનોને બીજા ડોઝ માટે મોબાઈલ નંબર પર એસએમએસ આવશે. ત્યારબાદ બીજો ડોઝ લેવાનો રહેશે. કોરોનાની રસી લેનાર સિનિયર સિટીઝનોએ જણાવ્યું હતું કે કોરોનાની રસીથી કોઈ આડઅસર થતી નથી અને રસી લેવી જરૂરી છે જેથી કરીને કોરોના સંક્રમણ અટકાવી શકાય.

શહેરી આરોગ્ય કેન્દ્ર પાલનપુર-૧ ના મેડીકલ ઓફિસરશ્રી કિંજલબેન પટેલે રસીકરણની સંપૂર્ણ પ્રક્રિયા વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતાં અને રસીકરણ પછી પણ યોગ્ય રીતે માસ્ક પહેરવું ,વારંવાર હાથ ધોવા, સોશ્યલ ડિસ્ટન્સ જાળવવુ, જેવી સમજ આપવામાં આવી હતી.આ રસીકરણ કાર્યક્રમમાં શ્રી ધાન્ધાર મોઢ- મોદી સમાજના અગ્રણી અને ઉદ્યોગપતિ શ્રી સુરેશભાઈ મોદી, શ્રીમતી ભગવતીબેન મોદી,પ્રમુખશ્રી મુકેશભાઈ મોદી,મંત્રીશ્રી મહેન્દ્રભાઈ મોઢ, મીડિયા કન્વીનર શ્રી જયેશભાઈ મોદી,શ્રી રતિલાલ મોદી,શ્રી મનીષભાઈ મોઢ,શ્રી ડો.પ્રકાશભાઈ મોઢ,શ્રી વસંતકુમાર મોઢ,શ્રી ભાવેશભાઈ મોદી,સમાજ ભવન મંત્રીશ્રી ભગવાનદાસ મોઢ,શ્રી અંકિતભાઈ મોદી, મહિલા ઉત્કર્ષ સમિતિના પ્રમુખ શ્રીમતી મધુબેન મોઢ,ઉપપ્રમુખ શ્રીમતી પ્રેમીલાબેન મોદી, મંત્રી શ્રીમતી જીજ્ઞાબેન મોઢ વગેરે લોકો ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

આ કાર્યક્રમને વિશેષ સુંદર બનાવવા માટે નગરપાલિકા પ્રમુખ શ્રીમતી હેતલબેન રાવલ, શાસક પક્ષના નેતા હર્ષાબેન મહેશ્વરી, શહેર ભાજપ મહામંત્રી શ્રી અતુલભાઈ જોશી, પ્રશાંતભાઇ ગોહિલ,શહેર ભાજપ ઉપપ્રમુખ મનોજ રાવલ, નગરપાલિકા સદસ્ય શ્રી કૌશલભાઇ જોષી,શ્રી ભગવાનભાઇ પટેલ, ઉદ્યોગપતિ દલસુખભાઈ અગ્રવાલ વગેરે લોકોએ હાજરી આપી હતી

પત્રકાર- જયેશ મોદી
પાલનપુર

# વિચાર વિમર્શ

## ગૂઢશક્તિ

ભગવાન ની ગૂઢ શક્તિ પરિપૂર્ણ છે.અને બધુ જ જેમાથી મૂળ ઉત્તપણ થાય છે તે પરમાત્મા છે.ભગવદ ગીતા માં પ્રભુ કહે છે ક "સમગ્ર અધ્યામિક અને ભૌતિક લોકો નું ઉત્પતી સ્થાન હું જ છુ સઘળી ઉત્પતી મારા માથી જ થાય છે." ભૌતિક પ્રદાર્થ જીવન માથી આવે છે.જીવન માં અનેક ભૌતિક સંપતિ રહેલી છે.તેનું સર્જન એક મોટામાં મોટું રહસ્ય છે.

એક નાનકડી ટાકની નીચે નાખવા થી તે તરત નીચે પડી જશે.પણ વધુ વજન ધરાવતું પક્ષી હવા માં ઊડી શકે છે તે ગૂઢ રહસ્ય જ છે માછલી પાણીમાં તરતા રેહવાનું કારણ શોધી એ છીએ.જો આપણે પ્ર્કૃતી નો અહેસાસ કરીશું તો એક વાત ચોક્કસ જણાશે કે આ પૃથ્વી પર દરેક જડ ચેતન પાસે કોઈ ને કોઈ ગૂઢ શક્તિ રહેલી હોય છે.મનુષ્ય થોડા કલાકો સુધી જ પાણી માં રહી શકે છે તેની મર્યાદા આવે છે પણ સાથોસાથ તે તેનામાં ગૂઢ શક્તિ છે જે કલાકો, સુધી જ પાણી માં રહી શકે છેતોજ્યારે માછલી કલાકો ના કલાકો પાણી માં રહી શકે છે તે આગવીશક્તિ છે .આનું કારણ એ ગણી શકાય કે ગૂઢ શક્તિ દરેક માં એક સમાન હોતી નથી. ઈશવેરે દરેક માં વધતાં ઓછા પ્રમાણ માં ગૂઢશક્તિ મૂકેલી છે અને બધી શક્તિ ઓ નું કારણ ભગવાન રહેલો છે તે આડકતરી રીતે ભગવાન ની જ શક્તિ છે.તેમાં થી દરેક પ્રાણી ગૂઢ શક્તિ મેળવે છે.

આપના ધર્મ શાસ્ત્ર માં ગૂઢ શક્તિ જુદા જુદા પ્રકાર ની ગણાવી છે.૧ લઘીમા એટેલે કે જેનાથી પિછા થી પણ હલકું થઈ શકે.૨મહિમા જેના થી પવઁતથી પણ મોટા થઈ શકાય.૩ પ્રાપ્તિ જે પોતાની ઇચ્છાનુસાર પ્રાપ્ત કરવાની શક્તિ ધરાવે છે.૪ ઈશિત્વ જે આની જીવ ને કાબૂ માં કરીને વશ માં રાખી શકાય છે.અદ્રશ્ય થવાની ક્ષતિ એક ગૂઢ શક્તિ છે..સૂર્યમા પણ ગૂઢ શક્તિ રહેલી છે તેના પ્રકાશ માં અનેક નસમજાય એવી વસ્તુઓ ઉત્તપણ થાય છે.આમ દરેક માં ગૂઢ શક્તિ દરેક માં રહેલી છે.. ધના વૈજ્ઞાનિકો તેનો સ્વીકાર કરતા નથી તે તો તરો નું અજ્ઞાન છે.

ભરત દવેસ કરીશું તો એક વાત ચોક્કસ જઅસે કે આ પૃથ્વી પર દરેક જડ ચેતન પાસે કોઈ ને કોઈ ગૂઢ શક્તિ રહેલી હોય છે.મનુષ્ય થોડા કલાકો સુધી જ પાણી માં રહી શકે છે તેની મર્યાદા આવે છે પણ સાથોસાથ તે તેમની ગૂઢ શક્તિ છે જે કલાકો, સુધી પાણી માં રહી શકે છેતોજ્યારે માછલી કલાકો ના કલાકો પાણી માં રહી શકે છે તે આગવીશક્તિ છે .આનું કારણ એ ગણી શકાય કે ગૂઢ શક્તિ દરેક માં એક સમાન હોતી નથી. ઈશવેરે દરેક માં વધતાં ઓછા પ્રમાણ માં ગૂઢશક્તિ મૂકેલી છે અને બધી શક્તિ ઓ નું કારણ ભગવાન રહેલો છે તે આડકતરી રીતે ભગવાન ની જ શક્તિ છે.તેમાં થી દરેક પ્રાણી ગૂઢ શક્તિ મેળવે છે.

આપના ધર્મ શાસ્ત્ર માં ગૂઢ શક્તિ જુદા જુદા પ્રકાર ની ગણાવી છે.૧ લઘીમા એટેલે કે જેનાથી પિછા થી પણ હલકું થઈ શકે.૨મહિમા જેના થી પરટતથી પણ મોટા થઈ શકાય.૩ પ્રાપ્તિ જે પોતાની ઇચ્છાનુસાર પ્રાપ્ત કરવાની શક્તિ ધરાવે છે.૪ ઈશિત્વ જે આની જીવ ને કાબૂ માં કરીને વશ માં રાખી શકાય છે.અદ્રશ્ય થવાની ક્ષતિ એક ગૂઢ શક્તિ છે..સૂર્યમા પણ ગૂઢ શક્તિ રહેલી છે તેના પ્રકાશ માં અનેક નસમજાય એવી વસ્તુઓ ઉત્તપણ થાય છે.આમ દરેક માં ગૂઢ શક્તિ દરેક માં રહેલી છે.. ધના વૈજ્ઞાનિકો તેનો સ્વીકાર કરતા નથી તે તો તેઓ નું અજ્ઞાન છે.

ભરત દવે

# પવિત્ર કુંઆન શરીફની આયતો અંગે અયોગ્ય ટીપ્પણી કરનાર સામે પગલા લેવા આવેદન પત્ર આપવામાં આવ્યું



માણાવદર સમસ્ત મુસ્લીમ સમાજના પ્રમુખ હુસેન દલની આગેવાનીમાં મોટી સંખ્યામાં મુસ્લીમ સમાજના આગેવાનો એ રેલી સ્વરૂપે જુમ્મા મસ્જીદથી નિકળી પોલીસ સ્ટેશને અને મામલતદાર કચેરીએ જઈ આવેદન પત્ર આપ્યું હતું. ઉતર પ્રદેશના લખનૌ શહેરના કાશ્મીરી મહોલ્લામાં રહેતા સૈયદ વસીમ રીઝવી નામના શખ્શે ઈસ્લામ ધર્મના પવિત્ર ધર્મ ગ્રંથ કુંઆન શરીફ ની પવિત્ર આયતો વિશે અયોગ્ય ટીપ્પણી કરી ઈસ્લામ ધર્મનું અને પવિત્ર કુંઆન શરીફનું અપમાન કરેલ છે, ઈસ્લામ ધર્મના અનુયાયીઓની આસ્થાને ઠેસ પહોંચાડેલ છે, મુસ્લીમ સમાજની ધાર્મિક લાગણી દુભાવેલ છે તેથી તેમની સામે ધોરણસર પગલા લેવા માંગણી કરી છે. મજકુર શખ્સે પવિત્ર કુંઆન શરીફની ૨૬ આયતો કુંઆન શરીફમાંથી રદ કરવા નામ. સુપ્રીમ કોર્ટમાં જાહેર હીતની અરજી કરેલ છે અને નામ. કોર્ટની બહાર નવી દિલ્હી મુકામે મિડીયા સમક્ષ વિવાદાસ્પદ નિવેદન આપેલ છે એ નિવેદનને સખ્ત શબ્દોમાં વખોડેલ છે. મજકુર શખ્સે મિડીયા સમક્ષના પોતાના નિવેદનમાં જણાવેલ છે કે, ઈસ્લામ ધર્મના ખલીફાઓએ કુંઆન શરીફમાં સુધારા કરી ૨૬ આયતો પાછળથી દાખલ કરી છે. આ ૨૬ આયતો ધ્રુણા ફેલાવે છે, આતંકવાદને ટેકો આપે છે તેથી આ ૨૬ આયતોને કુંઆન શરીફમાંથી દુર કરવી જોઈએ. મજકુર શખ્સના આવા પાયા વિહોણા નિવેદનને ખોટું નિવેદન જાહેર કરી આવા નિવેદનની નિંદા કરેલ છે.

મજકુર શખ્સનું નિવેદન ઉશ્કેરણી જનક, સામાજીક શાંતી અને સદ્દભાવનાને ઠેસ પહોંચાડનારૂં, ઈસ્લામ ધર્મ અને કુંઆન શરીફનું અપમાન કરનારૂં, મુસ્લીમ સમાજની ધાર્મિક લાગણી દુભવનારૂં, દેશની બિનસાંપ્રદાયિકતા માટે કલંકરૂપ અને જાહેર વ્યવસ્થા માટે બાધા ઉભી કરનારૂં હોય, મિડિયા સમક્ષ આવું ધ્રુણાસ્પદ નિવેદન કરી વાયરલ કરનાર ઉપરોક્ત શખ્સ સૈયદ વસીમ રીઝવી (રહે. કાશ્મીરી મહોલ્લા, લખનૌ, ઉતર પ્રદેશ) વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩છ, ૨૯૫છ વિગેરે હેઠળ પગલા લેવા માટે ફરિયાદ દાખલ કરી ધોરણસર પગલા લેવા માંગણી કરેલ છે. સમસ્ત મુસ્લીમ સમાજના પ્રમુખ હુસેન દલ તરફથી રેલીમાં હાજર રહેનાર તમામ આગેવાનોનો આભાર માનવામાં આવ્યો હતો. તસવીર - અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યુઝ ઓફ ગાંધીનગર.




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ માં આજે
છ ગદ્ય રચનાઓ આપેલ વિષય ના ત્રીજા દિવસે પ્રસિદ્ધ કરવામાં આવી છે
વિષય .
શિક્ષણ,અભ્યાસ,તાલીમ,કેળવણી
.. સંપર્ક સૂત્રો....
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews

---

NOG સાહિત્ય સરિતા (૧ )
NOG No. :SS 0059
વિભાગ :ગદ્ય
શબ્દ: શિક્ષણ,તાલીમ,અભ્યાસ, કેળવણી.
શીર્ષક: 'શબ્દોચાર કરે જીવનપાર'

શબ્દોચાર, દરેકના અર્થ અલગ અલગ પણ જો માનવી
ચારે શબ્દોનાં અર્થને જીવનમાં
વ્યવસ્થિતપણે અપનાવી લ્યે તો
તેની જીવનનૌકા આરામથી પાર
કરી શકે.
ચાલો આપણે ચારે શબ્દોને ટૂંકમાં
જાણીએ અને માણીએ.
પહેલો શબ્દ શિક્ષણ:-
સ્કૂલ-કોલેજમાં લીધેલું જ શિક્ષણ કહેવાય તે અક્ષરસઃ સાચું
નથી.
કોઈ વ્યકિતએ સ્કૂલ કોલેજમાં ગયાં વગર પણ જે તેની રુચી
મુજબનાં વારસાગત કે પારિવારીક કારણોસર જે વિષયમાં શિક્ષણ લઈ તે તેમાં પારંગત થયો હોયતો તેણે જે તે વિષયમાં શિક્ષણ મેળવ્યું છે એમ
જરૂર કહી શકાય.
દા.ત.સુથારીકામ , કડિયાકામ ,દરજીકામ કે મોચીકામ જેવાં અનેક ક્ષેત્રો છે.
જેમાં સ્કૂલમાં- કોલેજમાં
ગયા વગર પણ તેણે જે શીખેલું છે
તેને જરૂર ને જરૂર શિક્ષણ જ કહેવાય.અહી શિક્ષણ ની પરિભાષાનો યથાર્થ ઉદ્દેશ જ
સમજવો જરૂરી બનેછે.
બીજો શબ્દ તાલીમ:
કોઈપણ જાતનાં શિક્ષણ,અભ્યાસ કે કેળવણી પછીનું સ્ટેજ તે તાલીમ,તે થિયરીમાં હોય કે પ્રેકટીકલ અનુભવ માટેની હોય, તાલીમ દરેકક્ષેત્રનાં શિક્ષણ પછીનું અતી
મહત્વનુ અનિવાર્ય સ્ટેજ છે.
તાલીમ એટલે અનુભવ મેળવવા
માટેનું પ્રથમ પગથિયું.
ત્રીજો શબ્દ અભ્યાસ:
બાલમંદિર કે કોલેજ ઉપરનાં અભ્યાસને ,અભ્યાસ કહેવો
મારી દ્રષ્ટિએ ઊચીત નથીજ,
સ્કૂલ- કોલેજનાં અભ્યાસ વગર પણ, જે તે ગમતા વિષયમાં સતત પ્રવૃત રહેવું તેને પણ જરૂર અભ્યાસજ કહી શકાય.આ વાતને પૂરવાર કરતી કહેવત એટલે,"ભણેલો ન કરી શકે તે ગણેલો જરૂર કરી શકે".
ચોથો શબ્દ કેળવણી:
શિક્ષણ,તાલીમઅને અભ્યાસના
પવિત્ર ત્રિવેણી સંગમની તમે જરૂર કેળવણી શબ્દમાં ગણના કરી શકો પંરતુ ઉપરનાં ત્રણે યથાર્થ શબ્દોનાં જ્ઞાન સાથે શિસ્ત, સંસ્કાર,વિનય-વિવેક સાથે ઊચ્ચ આદર્શ સાથે રાષ્ટ્રભાવનાનો પ્રેમ કેળવણી શબ્દને યશમાન કરેછે.
આજની આપણી કેળવણી પ્રથાને
લૂણો લાગી ગયો છે,તેને મૂળથી સુધારવી અનિવાર્ય છે.
આપણે આજની ટેકનીકલ સીસ્ટમ અપનાવવા સાથે આપણી
મૂળભૂત ગુરૂકુળ પ્રથાને પ્રાધાન્ય
આપી તેનું ઊત્તમ સંયોજન કરવું જરૂરી બનેછે.
આ મહત્વપૂર્ણ સૂધારો જ આપણી વિશ્ર્વ
વિખ્યાત 'નાલંદા
વિશ્ર્વવિદ્યાલયનો ફરી પાયો
બની રહેશે.
'સારેં જહાઁસે અરછા હિન્દોસ્તાં
હમારાંહ્નનો ગુંજારવ સંભળાય
રહ્યો છે .જયહિદ.
જયકાન્ત ઘેલાણી'પ્યારે'.

---

NOG. સાહિત્ય સરિતા (૧)
NOG SS No :0039
વિષય -- શિક્ષણ ,કેળવણી,તાલીમ, ભણતર અને અભ્યાસ
પ્રકાર -- લેખ
શીર્ષક-- આજનું શિક્ષણ
શબ્દો - ૩૦૦

ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે એવું ગાંધીજી કહી ગયા. એનાથી આગળ વધીને એવું કહી શકાય કે અલ્પવિકસીત દેશ અને પ્રજાનાં પાયામાં અધૂરી કેળવણી અને નિરક્ષરતાં રહેલાં છે.

શિક્ષણ શબ્દનો મૂળ અર્થ છે વિકસિત થવું, ખોટી માન્યતાઓ, ડરપોકપણું અને અજ્ઞાનતામાંથી બહાર આવીને પ્રજ્ઞાવાન, જાગૃત અને સ્વસ્થ થવું. અશિક્ષિત પ્રજા દ્વારા ચોરી, હિંસા, અનૈતિકતા અને અરાજકતા વધ્યાંના દાખલા ઇતિહાસમાં જોવા મળે છે. સમાજમાં નૈતિક મૂલ્યો સ્થાપિત કરવા, જીવનધોરણ ઊંચું લાવવા,સુંદર અને આદર્શ જીવન જીવવા શિક્ષિત હોવું ખૂબ જરૂરી છે.

આજના સમયમાં શિક્ષણ વ્યક્તિનાં વિકાસમાં મદદરૂપ થવાને બદલે સ્પર્ધારૂપ બની ગયું હોવાના કારણે માનસિક તાણ વધારે છે. જેનાં કારણે વ્યક્તિનાં જીવનમાં અનેક પ્રશ્નો અને સમસ્યાઓ ઉદ્દભવે છે.આજે શિક્ષણમાંથી પ્રમાણિકતા ભૂલાઈ ગઈ છે.

આજે શિક્ષણમાં રહેલી જડતાં, ભ્રષ્ટાચાર અને ખોટી સ્પર્ધાત્મકતાને કારણે કેટલાક બાળકો ડિપ્રેશન અનુભવે છે. શિક્ષણ દરેક માટે જરૂરી છે જ. એમાં પેઠેલા અનિષ્ટોને દૂર કરવા જરૂરી છે.

આપણા દેશના શિક્ષણની ગઈ કાલ અને આજમાં જે ફેર છે એ સમજવા જેવો છે.

પહેલાં ગમ્મત સાથે જ્ઞાન આપવામાં આવતું.બાળકોને રમવાનો સમય મળી રહે, એમનું બાળપણ પૂરું માણી શકે એ રીતે શિક્ષણ આપવામાં આવતું. પુસ્તકો અને દફ્તરનો બોજો ઓછો રહેતો. મહાવરા અને તાલીમ ઉપર ભાર મુકાતો. બાળકો ઘેર સમયસર જમી શકે એ રીતે ટાઇમટેબલ રાખવામાં આવતું. બાળકો હળવા રહીને ભણતાં. બાળકો લગભગ ચાલીને સ્કૂલે જતાં. પૌષ્ટિક ઘરનો ખોરાક પણ બાળકોનાં શિક્ષણ ઉપર સારી અસર કરે છે.

જ્યારે આજે અભ્યાસનો સમય તેમજ સ્કૂલ સિવાય કલાસીસ તથા ટ્યૂશનમાં જવાનું ચલણ વધ્યું છે. સમયસર ઘેર જમવાનો સમય રહેતો નથી. સ્કૂલની ફી ,સ્કૂલે જવા માટે વાહનનો ખર્ચ, ટ્યૂશનની ફી, મોબાઈલ અને લેપટોપનો ખર્ચ,એ પુસ્તકો, સ્કૂલ ડ્રેસ, અન્ય સ્ટેશનરી અને બીજું ઘણું બધું. ઈતર પ્રવૃત્તિઓ માટેના ખર્ચા અલગ. આમ આજનું શિક્ષણ ખૂબ ખર્ચાળ અને ટેન્શનવાળું બન્યું છે.જેમાં ફેરફાર કરવાની તાતી જરૂર છે."સમગ્ર જીવન સરળતાથી જીવી શકાય એવી સુસંવાદી વ્યક્તિઓ પેદા કરવાનું કામ શિક્ષણનું છે." જે. કૃષ્ણમૂર્તિ.

શિક્ષણની આજની પદ્ધતિમાં ફેરફાર કરવા માટે એ દિશામાં ગંભીરતાપૂર્વક વિચારવાની ખાસ જરૂર છે.

પ્રફુલ્લા"પ્રસન્ના",અમદાવાદ

---

NOG સાહિત્ય સરિતા
NOG SS No: 0097
વિભાગ : ગદ્ય
શબ્દ : શિક્ષણ,અભ્યાસ,તાલીમ,કેળવણી
શીર્ષક : ચોરસ

પરિવર્તન સમાજનો નિયમ છે અને સમયની માંગ પણ છે જ.સામાન્યરીતે આપણે એવું કહીએ છીએ કે "જૂનુંએ જ સોનું" ચોક્કસ જ સોનુ જૂનું સારું પણ બધું જ જૂનું સારું એવું હવે કહી શકાય નહીં આપણે અને આપણી ભાવિ પેઢીએ વૈશવિક સ્તરે વિકસવાનું છે ત્યારે હરીફાઈમાં ટકી રહેવા ઘણો સંઘર્ષ કરવાનો છે પણ પાયાના મૂલ્યો પણ જાળવવાના છે.
હવે શિક્ષણ,તાલીમ,અભ્યાસ અને કેળવણી એ મનુષ્યની જિંદગીનાં ચોરસના ચાર ખૂણા બરાબર છે ચારેય ખૂણા મજબૂત હશે ત્યારે જિંદગીનો ચતુષ્કોણ જળહળશે.
આ માટે બાળક જન્મે ત્યારથી જ ઘરનાં દરેક સભ્યે કાળજી લેવી પડે.એ સમજણું થાય ત્યાં સુધી રાહ ન જોવાય પરિવારના સહિયારા પ્રયત્નથી બધું જ શક્ય બને. શિક્ષણ શાળામાંથી મળે પરંતુ કેળવણી પહેલું પગથિયું છે જે ઘરમાંથી જ મળે."એક માતા સો શિક્ષક સમાન છે" તાલીમ,શિક્ષક અને પરિવાર બંનેની જવાબદારી છે,તો અભ્યાસ બાળકની જવાબદારી છે.યોગ્ય કેળવણી અને તાલીમ હશે તો બાળક અભ્યાસુ બનશે જ.જેવું વાવીશું એવું ઉગશે. યાદ રહે
શિક્ષણ,અભ્યાસ,તાલીમ અને કેળવણીનો ચતુષ્કોણ કોઈ પણ ઉંમરે સરખી જ અગત્યતા ધરાવે છે.

વર્ષાબેન દેસાઈ.એડવોકેટ.વડોદરા

---

NOG SS No : 0064
વિષય : તાલીમ
વિભાગ : ગદ્ય
શીર્ષક : મૌન સંવાદ

બાળપણથી એક સાંધો ત્યાં તેર તૂટે એવી પરિસ્થિતિ જોતી આવતી શાલિનીએ ડાન્સ ક્ષેત્રે આકાશે ડગ માંડવાની ઈચ્છા સ્વેચ્છાએ સંકોરી લીધી.

સમયની પાંખો સાથે વડ એવા ટેટા કહેવતને ક્રિશાનાં પગની પડતી થાપમાં સાર્થક થતી શાલિની જોઈ રહી. કોઈ તાલીમ વગર જ ક્રિશા એકદમ જ સરસ ડાન્સ કરતી. પછીથી તો મા-દીકરીની સહિયારી મહેનત અને શાલિનીની આવડતનાં ફળ સ્વરૂપે ક્રિશાએ નેશનલ લેવલ પાર કર્યું. પરંતુ ઈન્ટરનેશનલમાં શાલિનીની તરસ મૃગજળ પાછળની દોડ સાબિત થતી દેખાય રહી. સ્ટેજ પરથી ક્રિશાની આંખોનો મૌન સંવાદ અને પડદો પડી ગયો !

નેહા બગથરીયા

---

NOG - સાહિત્ય સરિતા
NOG SS No -0050
વિભાગ - લેખ.
શબ્દ- શિક્ષણ, અભ્યાસ, તાલીમ , કેળવણી.
શીર્ષક- શિક્ષણ
શિક્ષણ ઉપયોગી મૂલ્યવાન જીવનની ઘટમાલા છે.માનવના વિકાસની જરૂરિયાત જાણે." તમસો મા જ્યોતિર્ગમયહ્ન
અંધકારમાંથી માનવને નપ્રકાશ તરફ લઈ જાય.
નર ને નારાયણ અને
નારી ને નારાયણી બનાવે.
કેળવણી એ સંસ્કારનું શિલ્પ છે.માનવને ધૂપસળીની જેમ મહેંકાવે.વિદ્યા શબ્દ સંસ્કૃત ધાતુ વિદ માંથી વ્યુત્પન્ન થયો. વિદ એટલે જાણવું.શિક્ષણ એટલે અનુશાસનમાં ,
શિસ્તબદ્ધ રહેવું, માનસિક સંતુલન જાળવવું.
ગાંધીજી કહેતા બાળક ને વ્યકિતનાં શરીર ને મન, આત્માને જાગૃત કરવા.
માનવીને ચારિત્ર્યવાન બનાવે.
શિક્ષણ વગરનો માનવ પશુ સમાન છે.જીવનો આધાર સ્તંભ, સર્વાંગી વિકાસ કરીને વિદ્વાન, બુધ્ધિમાન બને માનવ.ગરીબોની સંપતિ ને
શ્રીમંતનું આભૂષણ છે .આપણું અમૃતત્વ ને અમરતા બક્ષે છે .
માતાની જેમ રક્ષણ, પિતાની જેમ પાલન, પત્નીનીજેમ દુઃખ દર્દને દૂર કરે છે.દશે દિશામાં કીર્તિ ફેલાવે છે.
સ્વાવલંબી ને આત્મનિર્ભર બનાવે.વિચારશકિત, કલ્પનાશકિત, નિર્ણશક્તિનો વિકાસ થાય ને નિર્ભયતા આવે.અંતરઆત્માનો અવાજો સાંભળીને વિકાસ થાય.ડો.બાબા સાહેબ આંબેડકર ઉત્તમ ઉદાહરણ છે." પ??ગા ઈન્ડિયા તભી તો બ??ગા ઈન્ડિયા.

રાગીની શુક્લ 'રાગહ્ન

---

NOG SS No : 0073
વિષય..શાળા
પ્રકાર..ગદ્ય
માઇક્રોફિક્શન..
જૂની સ્કૂલનાં બધાં ઓરડા આજે નિસાસો નાખતાં હતાં વૈભવી શાળા અને એમાં અપાતી બધી સગવડોએ સરકારી સ્કૂલોનું સ્તર નીચું કરી દીધું, છતાંય જૂની શાળામાં ભણેલાં બધાં જ આજે કોઈને કોઈને ક્ષેત્રે આગળ છે એમને સરકારી શાળામાં ભણવાનો કોઈ અફસોસ નથી કારણકે ત્યારે શાળાનું સ્તર નહીં શિક્ષકોની કાબીલીયત અને ઈમાનદારીની કિંમત હતી પૈસા કમાવાની કોઈ લાલચ નહીં.

નયના પટેલ.નૈન વડોદરા.

# રાજ્યમાં ગરીબોને કાંઈ સસ્તું મળતું નથી,ખેડૂતોને તેમની જણસોના પોષણક્ષમ ભાવ મળતા નથી:પરેશ ધાનાણી

આજરોજ વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન અનાજના જથ્થાના વિતરણ અંગેના પ્રશ્નની ચર્ચા થઈ હતી. સદર પ્રશ્નની ચર્ચામાં ભાગ લેતાં વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, સરકાર ભલે તેટલા દાવા કરતી હોય પરંતુ રાજ્યમાં ગરીબોને કાંઈ સસ્તું મળતું નથી, ખેડૂતોને તેમની જણસોના પોષણક્ષમ ભાવ મળતા નથી. ઉત્પાદકને પોષણક્ષમ ભાવ મળે અને ઉપભોક?તાને સસ?તું મળે તેનો સેતુ સરકારે બનવાનું હોય.

શ્રી ધાનાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડે તા. ૨૬-૨-૨૦૨૧ના રોજ પરિપત્ર ક્રમાંક : નાપુનિ/૧૪૧/વિજિ/ઘટ/વસુલાત/૧૦/૨૦૨૦-૨૧/૧૦૪૨૯થી ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ માટે તુવેરદાળની ખરીદી આનુષંગિક ખર્ચ સાથે રૂ. ૩૯/-માં કરી રૂ. ૭૮/-ના ભાવે વેચાણ કરવાનું ઠરાવેલ છે.

શ્રી પરેશભાઈ ધાનાણીએ સરકાર પર નિશાન સાધતાં જણાવ્યું હતું કે, ભાજપ સરકાર ગરીબોના અનાજમાં પણ નફાખોરીનો ધંધો કરે છે. કોરોનાની મહામારીમાં મફત/રાહતદરે અનાજ-દાળ આપવાની જાહેરાત ભાજપ સરકાર કરે છે પરંતુ આ અનાજ-દાળની ખરીદી નીચા ભાવે કરીને ડબલ ભાવે વેચાણ કરે છે. પુરવઠા મંત્રીશ્રીએ રૂ. ૯૧/- પ્રતિ કિલોના ભાવે તુવેરદાળ ખરીદીની ગરીબોને રૂ. ૬૧/-ના ભાવે વેચાણ કરી રૂ. ૩૦/-ની સબસીડી સરકારે ભોગવી હોવાનો દાવો કર્યો છે પરંતુ હકીકતમાં નાગરિક પુરવઠા નિગમના પરિપત્રમાં જ તુવેરદાળની ખરીદી આનુષંગિક ખર્ચ સાથે રૂ. ૩૯/-માં કરી રૂ. ૭૮/-ના ભાવે વેચાણ કરવાનું ઠરાવેલ છે. આ પરિપત્રાથી સરકારની ખરીદી અને વેચાણમાં આચરવામાં આવતા ભ્રષ?ટાચારનો પર્દાફાશ થાય છે, કારણ કે સરકાર નીચા ભાવે ખરીદી કરી ખેડૂતોને ઓછા ભાવ આપે છે અને ઉપભોક્તાઓને ઉંચા ભાવે વેચાણ કરીને નફો રળે છે અને સબસીડી આપવાના ખોટા દાવા કરે છે. તુવેરદાળની ખરીદીના ભાવમાં જે તફાવત છે તેનાથી દાળમાં કાળુ નહીં પરંતુ આખી દાળ જ કાળી હોવાનું પુરવાર થાય છે.

શ્રી ધાનાણીએ પ્રશ્ન કરતાં જણાવ્યું હતું કે, નાગરિક પુરવઠા નિગમના પરિપત્રમાં તુવેરદાળની ખરીદી આનુષંગિક ખર્ચ સાથે રૂ. ૩૯/-માં કરવાનું ઠરાવેલ છે, બીજી બાજુ પુરવઠા મંત્રી રૂ. ૯૧/-ના ભાવે તુવેરદાળ ખરીદી હોવાનું જણાવે છે ત્યારે આ વચ્ચેનો રૂ. ૫૨/-નો ગાળો ક્યાં ગયો ? કોના ખિસ્સામાં ગયો ? તુવેરદાળની ખરીદીમાં મલાઈ કોણ તારવી ગયું ?

વિપક્ષ નેતાશ્રીના પ્રશ્નનો જવાબ આપવામાં મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી,, પુરવઠા મંત્રીશ્રી નિષ્ફળ રહ્યા હતા, જેથી તુવેરદાળની ખરીદીમાં મોટી રકમનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ?યો હોય તેવી શંકા વધુ દૃઢ બને છે. ભાજપ સરકારે તુવેરદાળની ખરીદી અંગે વિધાનસભા ગૃહમાં ખુલાસો કરવો જોઈએ તેવો પડકાર શ્રી ધાનાણીએ ફેંક્યો હતો.

# કર્મસત્તા

ચગડોળ જેવા ૮૪ ભવના ચક્કરમાં જો ના ફરવું હોય તો "કર્મસત્તા" ની વાત અવશ્ય સાંભળવા જેવી છે.કર્મસત્તા આપણને કહે છે કે જે કર્મ ના મર્મ ને સમજે તેને ધર્મ સમજવાની જરૂર નથી.જેમ આજનું દૂધ એ આવતી કાલે દહીં બને છે તેમ આજે કરેલ "કર્મ" આવતી કાલે નસીબ બનીને પ્રગટ થાય છે.

કર્મસત્તા" આપણને કહી રહી છે કે શરીરનું મૃત્યુ થાય ત્યારે સૌ કોઈ રડે છે, પરંતુ મનનું મૃત્યુ થાય ત્યારે તારા આત્માને જ રડવું પડશે. કર્મસત્તા" આપણને સમજાવે છે અને કહે છે કે મિલ્કતનો વિસ્તાર ભલે કરો પણ સાથે પૂણ્ય ની કમાણી જરૂર કરજો, અહીં રૂપિયા નથી ચાલતા અહીં પુણ્યનું ચલણ ચાલે છે.

"કર્મસત્તા" બતાવે છે આ જન્મ નો પૈસો એ આગલા જન્મ માં ૧૦૦% પણ કામ નહીં લાગે, પણ બની શકે કે આ જન્મ ના કર્મો જન્મો જનમ કામ લાગશે. આપણે શું ભેગુ કરવું તે આપણા પર આધાર રાખે છે. "કર્મસત્તા" કહે છે કે કપટ' થી રૂપિયાવાળા જરૂર થવાય પરંતુ ભાગ્ય ના બદલી શકાય. કારણ કે ભાગ્ય તો સારા કર્મ થી જ બદલાય. કોઈ ની ઉપર કાતર ફેરવી ને નહીં "કર્મસત્તા" એ કહ્યું છે કે માણસ ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે એવું ક્યારે પણ નથી

માણસ તો ભાગ્ય લઈને આવે છે અને "કર્મો" લઈને જાય છે. "કર્મસત્તા" આપણને સત્ય સમજાવી જાય છે કે સૌને સુખ આપવાની તારી તાકાત નથી પણ કોઈને દુઃખ ના આપવું એ તો તારા હાથ ની વાત છે હવે સમજી જજે.

"કર્મસત્તા" સમજાવે છે કે ભાગ્ય તમારા હાથમાં નથી પણ નિર્ણય તમારા હાથ માં હોય છે , ભાગ્ય તમારો નિર્ણય બદલી શકતું નથી પણ તમારો સારો નિર્ણય તમારું ભાગ્ય જરૂર બદલી શકે છે

||જય શ્રી ગુરુદેવ દત્ત ।

## નાણા મંત્રી, શિક્ષણ મંત્રી, વાહન વ્યવહાર મંત્રી, માર્ગ મકાન અને નર્મદા વિકાસ મંત્રી સામે સવાલો ઉઠાવ્યા

# નાંદોદના ધારાસભ્ય પી.ડી.વસાવાએ ગુજરાત વિધાનસભા સત્રમા વિકાસ મુદ્દે સરકારનો ઘેર્યા



### નર્મદા જિલ્લા આદિવાસી વિસ્તારમા ગામડેથી અપ ડાઉન કરતા વિદ્યાર્થીઓ માટે બસો ફાળવવા, સ્ટેચ્યુ ના ઉબડ ખાબડ રસ્તા ઓ, પોલીટેકનીક કોલેજ નો અભાવ જેવા પ્રશ્નેઆ અંગે વિધાનસભામાં પ્રશ્નો પૂછ્યા.

રાજપીપળાઃ તા ૧૯

હાલ ગુજરાત વિધાનસભા ના સત્ર મા નાંદોદ તાલુકાના ધારાસભ્ય પીડીવસાવાએ નર્મદા જિલ્લા ના મહત્વ ના પ્રશ્નો વિધાન સભા મા ઉઠાવ્યા છે. જેમા નાણા મંત્રી, શિક્ષણ મંત્રી, વાહન વ્યવહાર મંત્રી, માર્ગ મકાન અને નર્મદા વિકાસ મંત્રી સામે સવાલો ઉઠાવ્યાહતા.

નર્મદા જિલ્લા આદિવાસી વિસ્તારમા ગામડેથી અપ ડાઉન કરતા વિદ્યાર્થીઓ માટે બસો ફાળવવા, સ્ટેચ્યુ ના ઉબડ ખાબડ રસ્તા ઓ, પોલીટેકનીક કોલેજ નો અભાવ જેવા પ્રશ્નેઆ અંગે વિધાનસભામાં પ્રશ્નો ની ઝડી વરસાવી હતી. ધારાસભ્ય પી.ડી.વસાવાએ જણાવ્યું હતું કે

ગુજરાત સરકાર રાજયના આદીવાસી વિસ્તારમાં વિકાસ થયો હોવાનું ગાણું ગાયા કરે છે. બસ સેવાના અભાવે નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓનું શિક્ષણ બગડે છે તો એનો જવાબદાર કોણ, પી.ડી.વસાવાએ નીતિન પટેલને એમ પણ પૂછ્યું હતું કે જ્રેં ને જોડતો રસ્તો ઉબડખાબડ કેમ છે.?

ગુજરાત વિધાનસભા સત્રમાં નાંદોદ સ્ન્છ પી.ડી.વસાવાએ વિકાસ મુદ્દે સરકારનો ઘેર્યા હતા અને જણાવ્યું હતું કે ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ કથળી રહ્યું છે.પ્રાથમિક શાળામાં પૂરતા શિક્ષકો અને યોગ્ય સુવિધાઓ ન હોવાને લીધે પ્રાથમિક શિક્ષણ કથળી રહ્યુ છે.ગુણવત્તા વાળુ પ્રાથમિક શિક્ષણ આપવાની જવાબદારી ગુજરાત સરકારની છે.મારે દુઃખ સાથે એમ કહેવું પડે છે કે યોગ્ય બસની સગવડો ન હોવાને લીધે માધ્યમિક શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ સમયસર અભ્યાસ અર્થે પહોંચી શકતા નથી, પરિણામે એમનું શિક્ષણ બગડે છે.નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં બસોની ફાળવણી થવી જોઈએ. નાંદોદ ના ધારાસભ્ય પી.ડી.વસાવાએ જણાવ્યું હતું કે આ વખતના બજેટમાં સરકારે ૧૧ લાખ બસ પાસની અને સાથે સાથે ૧૦૦૦ નવી બસોની પણ જોગવાઈ કરી છે.એમાંથી ૨૫-૩૦ બસો જો નર્મદા જિલ્લામાં ફાળવવામાં આવે તો વિદ્યાર્થીઓનું શિક્ષણ બગડશે નહિ.હું જ્યારે મારા મત વિસ્તારના પ્રવાસે જાઉં છું ત્યારે હું જોઉં છું કે બસના અભાવે વિદ્યાર્થીનીઓના વાલીને શાળા છૂટ્યા બાદ પોતાની દીકરીને શાળા સુધી લેવા આવવું પડે છે.પ્રાથમિક શાળામાં વ્યાયામ અને ચિત્ર શિક્ષકોના અભાવે બાળકોમાં ટેલેન્ટનો વિકાસ થઈ શકતો નથી.

નાંદોદ ના ધારાસભ્ય પી.ડી.વસાવાએ જણાવ્યું હતું કે નર્મદા જિલ્લો પછાત જિલ્લો છે અહીયા પોલીટેકનીક કોલેજ નથી, છેલ્લા ૧૦ વર્ષથી નર્મદા જિલ્લાની પોલીટેકનીક કોલેજ ભરૂચમાં ચાલે છે એ કોલેજ નર્મદામાં ક્યારે આવશે એ શિક્ષણ મંત્રી મને જણાવે.સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો અંકલેશ્વરથી રાજપીપળા સુધીનો અમુક રસ્તો ઉબડખાબડ છે, કેટલી વાર રજૂઆતો છતાં કેમ બનતો નથી એ નીતિન પટેલ મને જણાવે.ચાણોદ-પોઈચા પુલ વર્ષમાં ૨-૩ વાર તો રીપેરીંગ થાય છે, એક નવો પુલ બને એટલો તો ખર્ચ પુલના રીપેરીંગ પાછળ ખર્ચો થયો છે, મારી માંગ છે કે એ પુલની બાજુમાં એક નવો પુલ સરકાર બનાવે.ચણોદ પૉઈચાના તકલાદી પૂલ સામેબાજુમા નવો પુલબનાવવા ની માંગ કરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસના ૭૦ ગામોને હાલમાં પણ સિંચાઈ માટે પાણી મળતું નથી.ગુજરાતની જીવાદોરી નર્મદા યોજના સ્થાનિકો માટે આફત સમાન બની ગઈ છે.ગુજરાત રાજયના ઘણા જિલ્લાઓમાં ઉદવહન યોજના હેઠળ સિંચાઈ માટે પાણી પૂરું પડાય છે, તો નર્મદા જિલ્લાના આ ૭૦ ગામોને પણ ઉદવહન યોજના હેઠળ સિંચાઈ અને પીવાનું પાણી અપાય તો ખેડૂતો આર્થિક રીતે સધ્ધર બને.

તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપળા




આજ રોજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇદલસાણીયા દ્વારા અર્બન હેલ્થ સેન્ટર, સેક્ટર ૨ ખાતે કાર્યરત કોવિડ-૧૯ વેક્સીનેશન સેન્ટરની મુલાકાતલઈ વ્યવસ્થા અને સુવિધાઓનુ નિરીક્ષણ કરવામા આવ્યું. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી શ્રીરજની ભાઇ પટેલ, મનપા ચૂંટણી ઇન્ચાર્જ શ્રીઅમિત ઠાકર સહિતના પ્રદેશ અગ્રણીશ્રીઓ, મહાનગર ભાજપા સંગઠનના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગરના મેયર શ્રીમતી રીટા પટેલ દ્વારા પેથાપુર ચારરસ્તા પર વીર યોદ્ધા મહારાણા પ્રતાપની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું. પ્રદેશ મહામંત્રી શ્રીરજની ભાઇ પટેલ, મનપાન ાચૂંટણી ઇન્ચાર્જ શ્રીઅમિત ઠાકર, શહેર સંગઠનના પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ ઉપસ્થિત રહ્યા.

## કસાણા શબરી કન્યા વિદ્યાલયના ત્રણ અને વડથલીની વિશ્વવાત્સલ્ય વિદ્યાલયનો એક શિક્ષક કોરોનામાં સપડાતા ફફડાટ

અરવલ્લી બ્યુરો મોડાસા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હમણાં જ કોરોના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવેશ કરશે તો કાબુ કરવો મુશ્કેલ બનશે તેવું નિવેદન આપી કોરોના સામે સતર્ક રહેવા અપીલ કરી છે ત્યારે અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં કોરોનાએ પગપેસારો કરતા લોકો ભયભીત બન્યા છે મેઘરજ તાલુકાના કસાણા શબરી કન્યા વિદ્યાલયના ત્રણ અને વડથલીની વિશ્વવાત્સલ્ય વિદ્યાલયનો એક શિક્ષક કોરોનામાં સપડાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે જીલ્લા આરોગ્ય તંત્રએ રાબેતા મુજબ સર્વેની કામગીરી હાથધરાઈ છે

કોરોનાનું સંક્રમણ વધતા રાજય સરકારે મહાનગરોમાં ઓફલાઈન અભ્યાસ અને પરીક્ષાઓ મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે અરવલ્લી જિલ્લામાં ધીમે પગલે કોરોનાનું સંક્રમણ વકરી રહયું છે. છેલ્લા એક સપ્તાહમાં ૨૦ થી વધુ લોકો કોરોનાગ્રસ્ત બન્યા છે મોડાસા ફાર્મસી કોલેજના ત્રણ પ્રોફેસર કોરોનાગ્રસ્ત બન્યા હોવાનું બહાર આવ્યા પછી સતત બીજા દિવસે વિદ્યા મંદિરમાં કોરોનાનો પગપેસારો યથાવત જોવા મળી રહ્યો હોય તેમ મેઘરજ તાલુકાના અંતરિયાળ આદિવાસી વિસ્તારની મેઘરજ તાલુકાના કસાણા શબરી કન્યા વિદ્યાલયના ત્રણ અને વડથલીની વિશ્વવાત્સલ્ય વિદ્યાલયનો એક શિક્ષક કોરોનામાં સપડાયો હોવાની માહિતી આરોગ્ય સૂત્રો પાસેથી પ્રાપ્ત થઇ હતી બંને વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ચિંતીત બન્યા છે હાલ ધો.૯ અને ધો.૧૧ ની શાળાઓમાં ઓફલાઈન પરીક્ષાઓ ચાલુ થતા કોરોના સંક્રમણનો વિદ્યાર્થીઓ પર મંડરાઈ રહ્યો છે ત્યારે નગરપાલિકાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના પગપેસારો થતા લોકોમાં ફફડાટ વ્યાપ્યો છે

## આ વખતે ચોક્કસ જગ્યાએ સમૂહ મા વિજ્ઞાન મેળો યોજાશે નહીં.

# નર્મદા જિલ્લામાં આ વખતે કોરોના મહા મારીથી બચવાગણિત વિજ્ઞાન પ્રદર્શન પહેલી વાર ઓનલાઈન પ્રદર્શન યોજાશે

રાજપીપળા તા ૧૯

દર વર્ષે નર્મદા જિલ્લામાં પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાય છે .જેમાં મોટી સંખ્યામાં બાળ વૈજ્ઞાનિકો પોતાના વિજ્ઞાન પ્રોજેક્ટ રજૂ કરતા હોય છે. તમામ બીઆરસી સીઆરસી અને જિલ્લા કક્ષાએ ત્યારબાદ આ રાજ્ય કક્ષાએ આકૃતિઓ જતી હોય છે .પરંતુ ચાલુ વર્ષે કોરોનાની મહામારીના કારણે શાળાઓ બંધ હતી હવે જ્યારે શાળાઓ પણ ખુલી છે ત્યારે પણ વિદ્યાર્થીઓ અને શિક્ષકોમા કોરોના નું સંક્રમણ ન થાય માટે સરકાર ની ગાઈડલાઈન મુજબ આ વખતે પહેલી વાર ઓનલાઇન ગણિત વિજ્ઞાન પ્રદર્શન અને પર્યાવરણ પ્રદર્શનનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આ વખતે ચોક્કસ જગ્યાએ વિજ્ઞાન મેળો યોજાશે



નહીં. પરંતુ જે તે શાળામાં પોતાનો પ્રોજેક્ટ પોતાની શાળાએ કરવાનો હશે રહેશે. અને વિડીયો ઉતારી લિંક શેર કરવાનીરહેશે. આ અંગે નિર્ણયનિર્ણાયકોં પણ લિંક ઓપન કરીને વિડીયો ચેક કરીને નિર્ણય આપશે.જયાં નેટ ની સુવિધા નહિ હોય ત્યાં વિડીઓ મોકલાવાનો રહેશે. આ માટેના વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં એસ.વી.એસ સરદાર કક્ષાનો ઓનલાઇન પ્રદર્શન એસ.વીએસ નર્મદા કક્ષાનો ઓનલાઇન પ્રદર્શન તેમજ કેન્દ્ર કક્ષાનું ઓનલાઈન પ્રદર્શન ૨૩ માર્ચના રોજ યોજાશે. એઉપરાંત પ્રાથમિક વિભાગમાં તાલુકા કક્ષાનું પ્રદર્શન નાંદોદ ગરુડેશ્વર તિલકવાડા સાગબારા અને ડેડીયાપાડા તાલુકા નું પ્રદર્શન ૨૫ અને ૨૬ માર્ચ દરમિયાનબે દિવસનુ યોજાશે. જિલ્લા કક્ષાનું પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાનું પ્રદર્શન તારીખ ૩૦ અને ૩૧ માર્ચ બે દિવસ દરમિયાન ઓનલાઇન પ્રદર્શન યોજાશે. વિદ્યાર્થીઓ પોતાની શાળા કક્ષાએથી વિજ્ઞાન પ્રોજેક્ટ ની કૃતિઓ રજુ કરી ઓનલાઈન લિંક રજૂ શેર કરશે .આ માટે પ્રાથમિક વિભાગના પ્રદર્શન માટે નિર્ણાયક ની વ્યવસ્થા સી.આર.સી.કક્ષાએ થશે અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાનના જિલ્લાકક્ષાના પ્રદર્શન માટે ઓનલાઈન. લિંક તેમજ નિર્ણાયક ની વ્યવસ્થા રાજપીપળા ડાયેટ ખાતેથી કરવામાં આવશે . આ પ્રદર્શનમાં ભાગ લેવા માટે કુલ પાંચ વિભાગો નક્કી કરવામાં આવ્યા છે.જેમા ઈકો ફ્રેન્ડલી સામગ્રી, ત્યાર પછી સ્વાસ્થ્ય , આરોગ્ય અને સ્વચ્છતા, તથા આદાન-પ્રદાન થઈ શકે તેવું સોફ્ટવેર તેમજ ઐતિહાસિક વિકાસ અને ગાણિતિક નમૂનાઓ આ વિભાગોમાં ત તેઓ પોતાની કૃતિ આ વખતે ઓનલાઈન શેર કરીનેરજૂ કરશે .

## લાયન્સ ક્લબ શાહીબાગ દ્વારા કિડની સંબંધિત રોગો વિષે ગાંધીનગરમા સેમીનાર યોજાયો

વર્ષ ૨૦૦૬ થી દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરૂવારના દિવસને વર્લ્ડ કિડની દિવસ તરીકે ઉજવવામાં આવે છે.આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ કિડની તથા તેને લગતા રોગો વિષે લોકો માં જાગૃતતા ફેલાવવાનો છે.ડાયાબિટીશ, હાઈબ્લડપ્રેશર,માસાંહાર તથા દારૂ નું સેવન એ કિડની ફેલ થવાના મુખ્ય કારણો છે. આ વર્ષે ૧૧મી માર્ચે આ દિવસ ઉજવવામાં આવ્યો હતો,જેના અનુસંધાનમાં તા?-૧૬-૦૩-૨૦૨૧ ના રોજ ગાંધીનગર,સેકટર ૩ બી ખાતે આવેલી એસ.એસ.વી શાળામાં લાયન્સ ક્લબ,શાહિબાગ તથા Indian Renal Foundation દ્વારા કિડની તથા કિડની સંબંધિત રોગો વિષેની માહિતી આપતો સેમિનાર યોજવામાં આવ્યો.જેમાં Indian Renal Foundation સાથે છેલ્લા ૧૪ વર્ષથી સંકળાયેલા શ્રી જયેશભાઈ પટેલ દ્વારા માનવ શરીરમાં કિડનીનું કાર્ય,તેમાં થતા રોગો,રોગોના કારણો,લક્ષણો તથા તે રોગ ને અટકવવા માટે શું પગલાં લેવા જોઈએ તે માહિતી આપવામાં આવી. તેમજ તેમણે એ પણ ઉમેર્યુ કે રોજિંદા જીવન માં થોડી કાળજી રાખવામાં આવે તો આપણે સહેલાઈ થી આ આપણી કિડની સુરક્ષિત રાખી શકીએ છીએ.જેના માટે આપણે પર્યાપ્ત પ્રમાણમાં પાણી નું સેવન કરવું જોઈએ,તથા ખોરાક માં મીઠાનું પ્રમાણ ઘટાડવું જોઈએ.એક વખત કિડની ખરાબ થઈ જાય તો તેની સારવાર –ડાયાલીસીસ ખુબ જ ખર્ચાળ હોય છે.પરંતુ તેમની સંસ્થા માં આ સારવાર નિઃશુલ્ક આપવામાં આવે છે. કાર્યક્રમના અંતે હાજર રહેલા શિક્ષકો તથા વાલીઓએ કિડનીને લગતા પ્રશ્નોના સંતોષ કારક જવાબ મેળવ્યા હતા.

## નર્મદામા વધતા જતા સિમેન્ટના જગલો અને હવાના પ્રદૂષણ, ઘોઘાટ, અને શહેરીકરણના કારણે ચકલીઓની સંખ્યામાં ખાસ્સો ઘટાડો

રાજપીપલા,તા૧૯

૨૦ માર્ચના રોજ ચકલી દિવસ ઉજવાય છે. સમગ્ર દેશમા ઘટતી જતી ચકલીઓની સંખ્યા ચિંતાનો વિષય બન્યો છે ત્યારે નર્મદામાં સામાજીક વનીકરણ તેમજ વન વિભાગ દ્વારા ચકલીઓની સંખ્યા વધારવાના ઘનીષ્ઠ પ્રયાસો છેલ્લા બેત્રણ વર્ષથી નર્મદા મા થઈ રહયા છજોકે તેના સારા પરિણામો જોવા મળ્યા છે. નર્મદાના સામાજીક વનીકરણ વિભાગ દ્વારા વિતરીત કરાયેલા ચક્લીના માળામાં અસંખ્ય ચક્લીઆ એ માળા બનાવ્યા છે અને તેમાબચ્ચા પણ થયા છે. વન વિભાગના પ્રયાસોથી નર્મદામાં લુપ્ત થતી ચક્લીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે, તે માટે નર્મદા વન વિભાગસંનિષ્ઠ પ્રયાસો કરી રહયા છે, આજનાચક્લી દીવસે વન અધિકારીઓએ જણાવ્યુ હતુ કે વિશ્વની રાઉ જમીન ઉપર વસવાટ કરતી ચક્લીઓ ની સંખ્યા ખાસ્સી ઘટી છે.મોટા શહેરોમા તો હવી ચક્લી દેખાતી જ નથી. હવાના પ્રદૂષણ, ઘોઘાટ, અને



શહેરીકરણના લીધે ચકલીઓની સંખ્યામાં ખાસ્સો ઘટાડો થઈ રહ્યો છે, ઉપરાંત વધુ પડતા જંતુનાશક દવાનો છંટકાવ અને પ્રદૂષણને કારણે ચક્લીના ખોરાક બાજરો.જુવાર,ડાંગરનું વાવેતર નર્મદામા ઘટવાથી ચક્લીઓ માટે ખોરાક ,રહેઠાણની સમસ્યા ઉભી થઇ છે. ઉપરાંત ચક્લીના માળા બાંધવા માટેનું મટીરીયલ ઘાસની સળી.તણખલા,નરમ રેસા.સૂતળી વગેરે હી મળતા નથી. શિયાળામાં ઉત્તર ભારત થી ચક્લીન સ્થળાંતર કરીને આવે છે. હવે ગરમીનું પ્રમાણ વધવાથી તેની સંખ્યા ખાસ્સી ઘટી રહી છે. માળો બાંધવા માટે વધુ વૃક્ષો વાવવા પડશે. આજનાચક્લી દીવસે પશ્રી દર્શન બર્ડ જાગૃતિ રેલી. આ કોમ્પીટીશીન,વકતૃત્વ સ્પધાં જેવા જતનના કાર્યકમો યોજવાની જરૂર છે, આજે સીમેન્ટના જંગલોમાં ચકાચકીનો અવાજ ક્યાંક ખોવાયો છે. માણસ પાસે જ રહેવા ટેવાયેલીચક્કીઓ આપણા ઘરોમાં આવતી થાય અને માળા બનાવતી થાય .ચકલીઓ માળામાં ઈંડા મુકતી થાય અને બચ્ચાને જન્મ આપતી થાય તેવું વાતાવરણ ઉભુ કરવાની જરૂર છે, આવો આપણે સૌ સાથે મળીને આજના ચકલી દીવસે સાચા અર્થમા ચકલી દીવસ ઉજવીએ અને ચકલીઓનું જતન કરીએ.

તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપળા

## લીંબડી તાલુકા પંચાયતમાં પ્રમુખ - ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની વરણી



સુરેન્દ્રનગર જિલ્લા ની નવ તાલુકા પંચાયત ઓમાં ભાજપ પક્ષ દ્વારા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. ત્યારે લીંબડી તાલુકા પંચાયત માં પણ લીંબડી ડેપ્યુટી કલેકટર તેમજ લીંબડી તાલુકા વિકાસ અધિકારી ની ઉપસ્થિતિમાં પ્રમુખ ઉપપ્રમુખ ના નામો જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રમુખ તરીકે કૃષ્ણસિંહ છત્રસિંહ રાણા અને ઉપપ્રમુખ તરીકે વિક્રમભાઈ ચીકાભાઈ વડેખણીયા ની જાહેરાત થવા પામી હતી. જ્યારે કારોબારી ચેરમેન ખેંગારસિંહ ભીખુભા બોરાણા પક્ષના નેતા મોબાભાઈ દાનાભાઈ ધરજીયા, દંડક રેખાબા હરપાલસિંહ રાણા ની પસંદગી કરવામાં આવી છે. આથી નવા વરાયેલા હોદ્દેદારોએ સુકાન સંભાળતા વરાયેલા હોદ્દેદારોને શુભેચ્છા આપવા ભાજપના આગેવાનોમાં લીંબડી તાલુકા ભાજપ પ્રમુખ દશુભા ઝાલા, સંજયભાઈ અમદાવાદિયા, રાજભા ઝાલા, પૃથ્વીરાજસિંહ રાણા, ઉધોગપતિ બાબુભાઇ જિનવાળા, હરપાલસિંહ રાણા, વેપારી એસોસિએશન પ્રમુખ જાફરભાઈ કોઠિયા, વોરા સમાજ ના આગેવાન દાઉદીભાઈ, લખધીરસિંહ રાણા, વાઘજીભાઈ ચૌહાણ, દિલીપસિંહ પરમાર, તેમજ દરેક ગ્રામ્ય વિસ્તારમાંથી કાર્યકરો અને શુભેચ્છકો તથા લીંબડી તાલુકા પંચાયત માં નવા ચૂંટાયેલ તમામ સદસ્યો પહોંચ્યા હતા.

રિપોર્ટર : દિપકસિંહ વાઘેલા

### લોકો કોરોનાનો ભોગ ન બને તે માટે લોકજાગૃતિ પુત્રએ પ્રમુખ બન્યા પછી દાખવી

## રાજપીપળામાં નગરપાલિકાના યુવા પ્રમુખ કુલદીપસિંહ ગોહિલે તંત્ર સાથે રહી રસી મુકાવવા માટેનો કેમ્પ ગોઠવ્યો



રાજપીપળા,તા. ૧૯

૧૭ માર્ચે પાલિકા પ્રમુખ તરીકે વરણી થતા કુલદીપસિંહ એ તુરત લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરી કોવીડ રસી માટે લોકોને સગવડ ઊભી કરતાં પ્રથમ દિવસે ૧૨૦ જેવા લોકોએ કોરોનાના વ્યક્તિ નો લાભ લીધો હતો.

રાજપીપળા શહેર હાલ કોરોનાના કેસ વધતા જોવા મળ્યા છે.જેમાં એક તરફ રસીકરણ માટે કામે લાગ્યું છે.ત્યારે પાલિકા પ્રમુખ તરીકે વરણી પામેલા રાજપીપળા નગરપાલિકાના યુવા પ્રમુખ કુલદીપસિંહ ગોહિલે પ્રમુખનો ચાર્જ સંભાળ્યા પછી સૌથી પહેલાં લોકોના સ્વાસ્થ્ય બાબતની ચિંતા કરી અને પોતાના વિસ્તાર અને રાજપુત સમાજની વાડી ખાતે કોવિડ વેક્સીન માટેનું આયોજન કર્યું હતું.જેમાં હાલ વધી રહેલા કોરોના ના કેસ બાબતે લોકો સ્વસ્થ રહે તે માટે રાજપુત સમાજની વાડી ખાતે કેમ્પ રાખવામાં આવેલ. જેમાં કોવીડી રસી માટેના કેમ્પમાં પ્રથમ દિવસે ૧૨૦ જેવા લોકોને સાથે ઉભા રહી યુવા પ્રમુખે રસી મૂકાવડાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે પોતાના પિતા સ્વ. અલ્કેશસિંહ ગોહિલે લોકોની સેવા કરતા-કરતા કોરોનામાં જીવ ગુમાવ્યો તેનો દુઃખ પરિવારને છે. ત્યારે પિતાની છત્રછાયા ગુમાવનાર પુત્ર કુલદીપસિંહ ગોહિલ નગરપાલિકાના પ્રમુખ બન્યા પછી પિતાના પગલે લોક સેવા કરવાનો નિશ્ચય કરી પિતાની જેમ અન્ય લોકો કોરોનાનો ભોગ ન બને તે માટે પ્રમુખ બન્યા પછી સૌથી પહેલું કામ લોકોને કોરોનાની રસી મુકાવવાનો આગ્રહ રાખી કેમ્પ યોજાયો. જેમાં ૧૨૦ જેટલા લોકોને પહેલે દિવસે રસી મુકાવડાવી લોકજાગૃતિનું કામ કર્યું હતું. આમ પી.એમ.મોદીના હેતુ મુજબ દેશ કોરોના મુક્ત બને એવું ધ્યાન રાખી સેવાભાવી પિતા સ્વ. અલ્કેશસિંહ ગોહિલની જેમ પિતાના પગલે આગળ વધવાની શુભ શરૂઆત કુલદીપસિંહે કેમ્પ થકી કરી હતી.

રિપોર્ટઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK